

કલાપૂર્ણ સ્વાધ્યાય

શાંત સુધારસ સાર્થ ૫

સંપાદક :
પૂ. મુનિશ્રી
અમિતયશવિજયજી મ.સા.

પ.પૂ.આ.ભ.શ્રી કલાપૂર્ણ સૂ.મ.સા.ના અંતિમ દર્શન તેમજ ચરણમાં નમન કરતા
શિષ્ય મુનિ અમિતયશ વિ.મ. કેશવણા રાજ. ૨૦૫૮ મહાસુદ-૪

॥ શ્રી શત્રુંજય મહાતીર્થાય નમઃ ॥

॥ શ્રી પદ્મ-જીત-હીર-કનક-દેવેન્દ્ર-કંચન-કલાપૂર્ણસૂરિ સદ્‌ગુરુભ્યો નમઃ ॥

કલાપૂર્ણ સ્વાધ્યાય

શાંત સુધારસ સાર્થ

૫

દિવ્યાશિષ દાતા

પૂ. અધ્યાત્મયોગી આચાર્ય શ્રી
વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.,

શુભાશિષ દાતા

પૂ. પ્રવચનકાર આચાર્ય
શ્રી કલાપ્રભસૂરીશ્વરજી મ.સા.

સંપાદક

પૂ. મુનિશ્રી અમિતયશવિજયજી મ.સા.

સહાયક : મુનિશ્રી આગમયશ વિ.મ.સા.

કિંમત : રૂા. ૧૦/-

શુભ આલંબન

૨૦૬૦ના યશસ્વી ચાતુર્માસ
અંધેરી (ઈ), ચકાલા નિમિત્તે

卐

પ.પૂ.આ.ભ. શ્રી કલાપૂર્ણ સૂ.મ.સા.ના
શિષ્ય પૂ. મુનિ શ્રી અમિતયશ વિ. મ.સા.ની
વર્ધમાન તપની ૬૬-૬૭ મી ઓળી તથા
પૂ. મુનિ શ્રી આગમયશ વિ. મ.સા.ની
૨૪-૨૫-૨૬મી ઓળીની અનુમોદનાર્થે

પ્રસ્તાવના

સ્વાધ્યાય એ સાધુ જીવનનો પ્રાણ છે.

સ્વાધ્યાય વડે સાધુ જીવનનો આનંદ માણી શકાય છે.

શાંત સુધારસ ગ્રંથ એક અદ્‌ભુત ગ્રન્થ છે.

જેમાં દરેક ગાથાઓમાં વૈરાગ્ય ભરેલો છે.

જેનું મનન કરવાથી આત્માને મહાન લાભ મળે છે.

સ્વાધ્યાયની આવી નાનકડી પુસ્તકો કલાપૂર્ણ સ્વાધ્યાય નામની બહાર પડી રહી છે, અને તેની માગણી પણ આવી રહી છે. પૂ. સાધુ સાધ્વીજી ભગવંતો પણ સુંદર ઉપયોગ કરી રહ્યા છે. સહુ કોઈ આત્માઓ આ પુસ્તકમાં રહેલા અર્થનું ચિંતન મનન કરી વૈરાગ્ય ભાવને પ્રાપ્ત કરે એ જ મંગલ ભાવના.

આ પુસ્તકમાં લાભ લેનાર પુન્યશાળીઓની અત્યંત અનુમોદના, જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ છપાયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.

મુનિ અમિતયશ વિ.

સીમંધર જિન સ્તુતિ

ક્યારે અમારું ભાગ્ય એવું જાગશે અમે આવીશું
મહાવિદેહ ક્ષેત્રે આવીને નજરે તને નિહાળીશું

અદ્‌ભુત તાહરું રૂપ ને અદ્‌ભુત તુજ સ્વરૂપ છે
કરું વંદના ઊઠી નિત્ય પ્રાતઃ શ્રી સીમંધર સ્વામીને

હું ભરતમાં તું મહાવિદેહે, આંતરું વચમાં ઘણું
સંદેશ શે પહોંચાડવો, મુંઝાય મારું મન ઘણું

તુજ કાય પાંચસો ધનુષ્યની હું સાવ લાગું પાંગળો
કરું વંદના ઊઠી નિત્ય પ્રાતઃ શ્રી સીમંધર સ્વામીને

છે ધન્ય ત્યાંના લોકને, ધન્ય એ વળી ધરતીને
પગલા પડે જ્યાં તાહરા, નિત્ય થાય દર્શન તેહને

તુજ પાસે આવું ઉડીને પણ, પાંખ મુજ પાસે નથી
કરું વંદના ઊઠી નિત્ય પ્રાતઃ શ્રી સીમંધર સ્વામીને

ત્રણ ગઢ રચે તુજ દેવતાઓ, રત્ન રજત સુવર્ણના
બે પ્રહર ચાલે દેશના સહુ સાંભળે થઈ તન્મના

સિંહનાદ જેવી દેશના સુણી કંઈક ભવ્યો ભવ તર્યા
કરું વંદના ઊઠી નિત્ય પ્રાતઃ શ્રી સીમંધર સ્વામીને

તુજ આસપાસ કરોડ દેવો આવી નિત્ય સેવા કરે
અહીં એક પણ આવે નહીં તુજ ભક્ત કાં ના સાંભળે
એવું કરો પ્રભુ એકવાર તમારી પાસે આવું હું
કરું વંદના ઊઠી નિત્ય પ્રાતઃ શ્રી સીમંધર સ્વામીને

આ ભરતમાં બહુ વાદને વિવાદ આજે ચાલતા
તુજ માર્ગ મૂકી કેટલા નિજ માન્યતા ફેલાવતા
સંદેશ સત્ય તણો લઈ કોઈ દેવદૂતને મોકલો
કરું વંદના ઊઠી નિત્ય પ્રાતઃ શ્રી સીમંધર સ્વામીને

નહીં કોઈ અહીંયા કેવળી, નથી કોઈ યુગપ્રધાનપણ
મુંઝાઈ જાઉં તોય રાખું તુજ વચન વિશ્વાસ મન
બસ માંગુ એક જ હૃદયમાં પ્રગટાવો મુક્તિ તણું કિરણ
કરું વંદના ઊઠી નિત્ય પ્રાતઃ શ્રી સીમંધર સ્વામીને

मंगलाचरण

(शार्दुल विक्रीडित छन्दः)

नीरन्ध्रे भवकानने परिगलत्पञ्चश्रवाम्भोधरे
नानाकर्मलतावितानगहने मोहान्धकारोद्धुरे ।
भ्रान्तानामिह देहिनां हितकृते कारुण्यपुण्यात्मभि-
स्तीर्थेशैः प्रथितास्सुधारसकिरो रम्या गिरः पान्तु वः ॥१॥

આ એક પ્રગાઢ ભવવન છે. તેમાં પાંચ આશ્રવોનાં વાદળાં નિરંતર વરસી રહ્યાં છે. તેમાં વિવિધ કર્મોની વેલડીઓ પથરાયેલી છે. અને તેમાં મોહનો પ્રગાઢ વ્યાપેલો છે. આવા ભવવનમાં ભૂલા પડેલા જીવોના હિત માટે કરુણાસભર તીર્થંકર ભગવંતોએ ઉપદેશેલી અમૃતનીતરતી ભવ્યવાણી તમારી રક્ષા કરો. ॥૧॥

श्लोक

(द्रुत विलंबित छन्दः)

स्फुरति चेतसि भावनया विना,
न विदुषामपि शान्तसुधारसः ।
न च सुखं कृशमप्युमुना विना,
जगति मोहविषादविषाकुले ॥२॥

ભલે તમે વિદ્વાન હો, શાસ્ત્રજ્ઞ હો, પરંતુ જો તમે શુભ

ભાવનાઓમાં રમતા નથી તો તમારા મનમાં શાન્ત સુધારસ વિના, મોહવિષાદના ઝેરથી, હલાહલથી વ્યાપ્ત એવા આ જગતમાં લેશમાત્ર સુખ નથી. ॥૨॥

(द्रुत विलंबित छन्दः)

यदि भवभ्रमखेवेदपराङ्मुखम्,
यदि च चित्तमनन्तसुखोन्मुखम् ।
श्रृणुत तत्सुधियः शुभभावनामृतरसं
मम शान्तसुधारसम् ॥३॥

માટે, હે બુદ્ધિમાન પુરુષો, જો તમારું ચિત્ત ભવભ્રમણના થાકથી ઉદ્વિગ્ન થયું હોય અને અનંત સુખમય મોક્ષ મેળવવા તત્પર બન્યું હોય તો શુભ ભાવનાના અમૃતરસથી છલોછલ ભરેલા આ 'શાન્ત સુધારસ' ગ્રંથનું એકાગ્ર મનથી શ્રવણ કરો. ॥૩॥

(द्रुत विलंबित छन्दः)

सुमनसो मनसि श्रुतपावना,
निदधतां द्व्यधिका दश भावनाः ।
यदिह रोहति मोहतिरोहिता-
द्भूतगतिर्विदिता समतालता ॥४॥

હે પવિત્ર મનવાળા વિદ્વાનો, સાંભળવા માત્રથી અંતઃકરણને પાવન કરનારી આ બાર ભાવનાઓને

તમારા ચિત્તમાં ધારણ કરો. એથી એક મોટો લાભ થશે તમને ! મોહથી આચ્છાદિત થયેલી સમતા, દબાઈ ગયેલી સમતાની વેલડી, પુનઃ નવપલ્લવિત થશે. મોહનું આચ્છાદન દૂર થશે. ॥૪॥

(रथोद्धता छन्दः)

आर्तरौद्ररिणामपावक-
प्लुष्टभावुकविवेकसौष्ठवे ।
मानसे विषयलोलुपात्मनाम्,
क्व प्ररोहतितमां शमाङ्कुरः ॥५॥

આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના ક્રૂર વિચારો આગ જેવા છે. એ આગ સુંદર વિવેકની શોભાને સળગાવી દે છે. જે હૃદયમાં વિવેકની શોભા બળી ગઈ, તે હૃદયમાં સમતાનો અંકુર કેવી રીતે પ્રગટ થઈ શકે ? ॥૫॥

(वसन्ततिलका छन्दः)

यस्याशयं श्रुतकृताकृतातिशयं
विवेक-पीयूषवर्षरमरणीयरमं श्रयन्ते ।
सद्भावनासुरलता नहि तस्य दूरे,
लोकोत्तरप्रशमसौख्यफलप्रसूतिः ॥६॥

સમ્યગ્ જ્ઞાનના અભ્યાસથી ઉન્નત બનેલા અને વિવેકરૂપ અમૃતની વૃષ્ટિથી મૃદુ સુશોભિત થયેલા અંતઃકરણમાં જ આ સુંદર શુભ ભાવનાઓ રહે છે ! એ ભાવનાઓ, અલૌકિક પ્રશમ સુખનું ફળ આપનારી કલ્પવૃક્ષની લતાઓ પેદા કરે છે. ॥૬॥

(अनुष्टुप छन्दः)

अनित्यत्वाशरणे, भवमेकत्वमन्यताम्
अशौचमाश्रवं चात्मन्, संवर परिभावय ॥७॥
कर्मणो निर्जरां धर्म-सूक्ततां लोकपद्धतिम् ।
बोधिदुर्लभतामेता, भावयन् मुच्यसे भवात् ॥८॥

આ 'શાન્ત સુધારસ' ગ્રંથમાં અનિત્ય ભાવના, અશરણ ભાવના, સંસાર ભાવના, એકત્વ ભાવના, અન્યત્વ ભાવના, અશુચિ ભાવના, આશ્રવ ભાવના, સંવર ભાવના, કર્મનિર્જરા ભાવના, ધર્મસુકૃત ભાવના લોકસ્વરૂપ અને બોધિદુર્લભ ભાવના-આ બાર ભાવનાઓ ઉપરાંત, મૈત્રી પ્રમોદ કરુણા અને માધ્યસ્થ્ય ભાવનાઓનો સમાવેશ થયો છે. ભવપ્રપંચથી મુક્ત થવા આ ભાવનાઓ રોજ ભાવતા રહો. ॥૭-૮॥

१- अनित्य भावना-श्लोकाः

(पुष्पिताग्रा छन्दः)

वपुरि वपुरिदं विदभ्रलीला-
परिचितमप्यतिभङ्गुरं नराणाम् ।
तदतिभिदुरयौवनाविनीतम्,
भवति कथं विदुषां महोदयाय ॥१॥

ઉપા. વિનયવિજયજી પોતાના આત્માને સંબોધીને કહે છેઃ હે આત્મન્, તારું આ શરીર ભલે આજે સુંદર હોય.. ઉન્મત્ત હોય, પરંતુ ધ્યાન રાખ કે આ પાણીના પરપોટા જેવું ક્ષણિક છે, એક દિવસ વિનાશ પામનારું છે. અનિત્ય છે. અતિ ચંચળ યૌવનના ઉન્માદથી ઉન્મત્ત આ શરીર, વિદ્વાનોના મહોદય માટે શી રીતે થાય ? ન જ થાય. (આ રીતે મહાકવિએ સર્વ પ્રથમ શરીરની અનિત્યતા બતાવી) ॥૧॥

(शार्दूलविक्रीडित छन्दः)

आयुर्वायुतरत्तरङ्गतरल, लग्नापदः सम्पदः,
सर्वेऽपीन्द्रियगोचराश्च चटुलाः सन्ध्याभ्ररागादिवत् ।
मित्रस्त्रीस्वजनादिसङ्गमसुखम्, स्वप्नेन्द्रजालोपमं,
तत्किं वस्तु भवे भवे-दिह मुदामालम्बनं यत्सताम् ॥२॥

પવનના સુસવાટાઓથી ચંચળ બની જતા જલતરંગો જેવું ચંચળ આપણું આયુષ્ય છે. રિદ્ધિ-સિદ્ધિ અને સંપદાઓ.. વિપત્તિઓનાં વાદળાંઓથી ઘેરાયેલી છે. સંધ્યાના ક્ષણિક રંગો જેવા પાંચ ઈન્દ્રિયોના વિષયસુખો છે. મિત્ર-સ્ત્રી-સ્વજનોના સંગમનું સુખ સ્વપ્ન જેવું છે. કહો, આ સંસારમાં એવી કઈ વસ્તુ છે, કે જેનાથી વિદ્વાનોને... અને ડાહ્યા માણસોને હર્ષ થાય ? ॥૨॥

(शार्दूलविक्रीडित छन्दः)

प्रातर्भ्रातरिहावदातरुचयो ये चेतनाऽचेतना
दृष्टा विश्व मनः प्रमोदविदुरा भावाः स्वतः सुन्दराः ।
तांस्तत्रैव दिने विपाकविरसान् हा नश्यतः पश्यत-
श्चेतः प्रेतहतं जहाति न भवप्रेमानुबन्धं मम ॥३॥

મારા ભાઈ, જે પદાર્થો પ્રભાતમાં સુંદર શોભાવાળા હોય છે, મનને ખુશ કરી દેનારા હોય છે, આહ્લાદક અને આકર્ષક હોય છે... તે જ પદાર્થો જોતજોતામાં સંધ્યા સમયે નિરસ, અનાકર્ષક નિસ્તેજ બની જતા હોય છે ! આ નજરે જોવા છતાં મારું પ્રેતહત.. મૂઢ મન સંસારના રંગરાગ છોડતું નથી. ખરેખર, ખેદની વાત છે.. ॥૩॥

प्रथमभावना-गीत

(राग : भैरव)

मूढ मुह्यसि मुधा मूढ मुह्यसि मुधा,
विभवमनुचिन्त्य हृदि सपरिवारम्
कुशशिरसि नीरमिव गलदनिलकम्पितम्,
विनय जानीहि जीवितमसारम् ॥ मूढ १॥

હે મૂઢ જીવ ! તારા મનમાં પરિવાર આદિ બધા સાંસારિક વૈભવોનો વારંવાર વિચાર કરી, વ્યર્થ મોહ પામે છે. તારું જીવન, ડાભના પાંદડા પર રહેલા જલબિંદુ જેવું છે, ક્ષણિક છે. ॥૧॥

पश्य भङ्गुरमिदं विषयसुखसौहृदम्,
पश्यतामेववश्यति सहासम्
एतदनुहरति संसाररूपं रया
ज्जलदजलबालिका रुचि विलासम् ॥ मूढ २॥

તું તપાસી જો : વિષય સુખોનો સંબંધ કેવો ક્ષણભંગુર છે. હાથતાલી દઈને જોત જોતામાં જતો રહે છે. આ સંસારની માયા વિજળીના ઝબકારા જેવી છે. ॥૨॥

हन्त हतयौवनं पुच्छमिव शौवनम्,
कुटिलमति तदपि लघु दृष्टनष्टम् ।
तेन बत परवशाः परवशाहतधियः,
कटुकमिह किं न कलयन्ति कष्टम् ॥ मूढ ३॥

કૂતરાની પૂંછડી જેવું કુટિલ છે યૌવન. જોતજોતામાં તે નાશ પામે છે. યૌવનમાં સ્ત્રીઓને પરવશ, નષ્ટ બુદ્ધિવાળા જીવો, વિષયોના કટુરસપૂર્ણ કષ્ટોને કેમ સમજી શકતા નથી ? ભારે આશ્ચર્યની વાત છે. ॥૩॥

यदपि पिण्याकतामङ्गमिदमुपगतम्,
भुवनदुर्जयजरापीतसारम्
तदपि गतलज्जमुज्झति मनो नाङ्गिनाम्,
वितथमति कुथितमन्मथविकारम् ॥ मूढ ४॥

આ જગતમાં અતિ દુર્જય જરાથી સત્વહીન અને ક્ષીણ દેહવાળા જીવોનું નિર્લજ્જ મન, કુત્સિત કામવિકારોને તજતું નથી. શરમની વાત છે. ॥૪॥

सुखमनुत्तरसुरावधि यदतिमेदुरम्,
कालतस्तदपि कलयति विरामम् ।
कतरदितरत्तदा वस्तु सांसारिकम्,
स्थिरतरं भवति चिन्तय निकामम् ॥ मूढ ५॥

અનુત્તર દેવલોકનાં દેવોનાં સુખ પણ કાળે કરીને નષ્ટ થઈ જાય છે. તો પછી બીજી કંઈ સંસારની વસ્તુ સ્થિર હોઈ શકે, તેનો પૂર્ણ વિચાર કર. ॥૫॥

यैः समं क्रीडिता ये च भृशमीडिता;
यैः सहाकृष्महि प्रीतिवादम् ।
तान् जनान् वीक्ष्य बत भस्मभूयङ्गता-
न्निर्विशङ्का : स्म इति धिक् प्रमादम् ॥ मूढ ६॥

જેમની સાથે રમ્યા, જેમની સાથે સ્નેહની વાતો કરી, જેમનાં વખાણ કર્યાં, તેમને ભસ્મ થયેલા જોઈને, પણ આપણે નિઃશંક વર્તીએ છીએ ! આવા પ્રમાદને ધિક્કાર હો. ॥૬॥

असकृदुन्मिष्य निमिषन्ति
सिन्धूर्मिवच्चेतना चेतनाः सर्वभावा ।
इन्द्रजालोपमाः स्वजनधनसङ्गमा-
स्तेषु रज्यन्ति मूढस्वभावाः ॥ मूढ ७॥

સમુદ્રના તરંગોની જેમ બધા સજીવ-નિર્જીવ પદાર્થો જન્મે છે ને વિલય પામે છે, ઇન્દ્રજાળ જેવા સ્વજનોના અને ધનના સંયોગો મળેલા છે. તેમાં મૂઢ જીવો રંગાઈ જાય છે. ॥૭॥

कवलयन्नविरतं जङ्गमाजङ्गमम्,
जगदहो नैव तृप्यति कृतान्तः ।
मुखगतान् खादतस्तस्य करतलगतै,
र्न कथमुपलप्स्यतेऽस्माभिरन्तः ॥ मूढ ८॥

આશ્ચર્ય ! સ્થાવર-જંગમ જગતને હમેશા ભક્ષણ કરતો કાળ કદાપિ તૃપ્ત થયો નથી; એવા કાળના હાથે ચઢેલા આપણો પણ છૂટકો થવાનો નથી. ॥૮॥

नित्यमेकं चिदानन्दमयमात्मनो,
रूपमभिरुप्य सुखमनुभवेयम् ।
प्रशमरसनवसुधापानविनयोत्सवो,
भवतु सततं सतामिह भवेऽयम् ॥ मूढ ९॥

માટે, નિત્ય એક અને ચિદાનન્દમય આત્મ સ્વરૂપને ઓળખીને, "મારે આત્મસુખનો જ અનુભવ કરવો છે." ગ્રંથકાર કહે છે : પ્રશમરસરૂપ અભિનવ નવીન અમૃતપાન વડે, સત્પુરુષોને આજ ભવમાં ઉત્સવ હોજો ! તે માટે નિત્ય એક અને ચિદાનંદમય આત્મસ્વરૂપને ઓળખીને મારે સ્વાભાવિક આત્મસુખને અનુભવવું જોઈએ. પ્રશમરસરૂપી અભિનવ અમૃતપાન કરવારૂપ ઉત્સવ, સત્પુરુષોને આ જ ભવમાં હોજો ! ॥૯॥

२-अशरण भावना-श्लोकाः

(शार्दूलविक्रीडित छन्दः)

ये षट्खण्डमहीमहीनतरसा निर्जित्य बभ्राजिरे,
ये च स्वर्गभुजो भुजोर्जितमदा मेदुर्मुदा मेदुराः ।
तेऽपि क्रूरकृतान्तवक्त्ररदनैर्निर्दल्यमाना हठा-
दत्राणा शरणाय हा दशदिशः प्रैक्षन्त दीनाननाः ॥१॥

પોતાના અતુલ પરાક્રમથી સમગ્ર પૃથ્વી પર વિજય મેળવનારા સમ્રાટો ચક્રવર્તીઓ અને પોતાની અજેય શક્તિથી ઉન્મત્ત તથા અપૂર્વ હર્ષથી સદૈવ આનંદિત રહેનારા દેવો ને દેવેન્દ્રો... જ્યારે તેમના ઉપર નિર્દય યમરાજ બલાત્કાર કરે છે અને પોતાના તીક્ષ્ણ દાંતોથી એમને ચીરી નાંખે છે... ત્યારે તે ચક્રવર્તીઓ અને દેવ-દેવન્દ્રો... દીન-હીન બની... અશરણ દશામાં ચારેબાજુ જોઈ રહે છે. તેમને કોઈ બચાવી શકતું નથી. ॥૧॥

(स्वागता छन्दः)

तावदेव मदविभ्रममाली,
तावदेव गुणगौरवशाली ।
यावदक्षमकृतान्तकटाक्षै-
र्नेक्षितो विशरणो नरकीटः ॥२॥

હે મનુષ્ય, ત્યાં સુધી જ તું મદોન્મત્ત છે અને ગુણગૌરવવાળો છે, જ્યાં સુધી તારા ઉપર દુર્જય યમરાજની ક્રૂર દ્રષ્ટિ પડી નથી ! એ ક્રૂર દ્રષ્ટિ પડ્યા પછી તને કોઈ બચાવી શકશે નહીં. ॥૨॥

(शिखरिणी छन्दः)

प्रतापैर्व्यापन्नं गलितमथ तेजोभिरुदितै-
र्गतं धैर्योद्योगैः श्लथितमथ पुष्टेन वपुषा ।
प्रवृत्तं तद्द्रव्यग्रहणविषये बान्धवजनै-
र्जने कीनाशेन प्रसभमुपनीते निजवशम् ॥३॥

જ્યારે મનુષ્ય યમરાજના બલાત્કારનો ભોગ બને છે, ત્યારે તેનો પ્રતાપ નષ્ટ થઈ જાય છે, તેનું ઉદિત તે જ અસ્ત થઈ જાય છે, તેના ધૈર્ય અને પુરુષાર્થ વિલય પામી જાય છે. પુષ્ટ શરીર શિથિલ થઈ જાય છે અને એનાં સ્વજનો એના ધન-વૈભવ લઈ લેવા પ્રયત્નશીલ બની જાય છે ! મૃત્યુની આગળ માનવી સાવ વામણો બની જાય છે. આ છે મનુષ્યની ઘોર અશરણતા !..... ॥૩॥

व्दितीयभावना-गीत

(राग: चंद्रकौंस)

स्वजनजनो बहुधा हितकामम्, प्रीतिरसैरभिरामम् ।
मरणदशावशमुपगतवन्तम्, रक्षति कोऽपि न सन्तम्
विनय विधीयतां रे श्रीजिनधर्म शरणम् ।
अनुसन्धीयतां रे शुचितरचरण स्मरणम् ॥१॥ विनय.

અનેક પ્રકારે હિતકારી અને પ્રીતિપાત્ર સજ્જનો જ્યારે મૃત્યુના મહાસાગરમાં ડૂબતા હોય છે ત્યારે કોઈ સ્વજન તેમને બચાવી શકતા નથી. માટે હે આત્મન્, તું મહામંગલકારી જિનધર્મનું જ શરણ સ્વીકારી લે અને અત્યંત નિર્મળ ચારિત્રધર્મનું સ્મરણ કર. તે ધર્મ જ તને ડૂબતાં બચાવશે. ॥૧॥

तुरगरथेभनरावृतिकलितम्,
दधतं बलमस्खलितम्,
हरति यमो नरपतिमपि दीनम्,
मैनिक इव लघु मीनम् ॥२॥ विनय.

જેમ માછીમાર નાનાં માછલાંઓને જોત-જોતામાં પકડી લે છે, તેમ યમરાજ, ઘોડા, રથ, હાથી અને પદાતિ સૈન્યથી સજ્જ અને અપ્રતિમ બળવાળા રાજાઓને પકડી લે છે... ભલે તે રાજાઓ યમરાજ સમક્ષ દીનતા કરતા હોય ! ॥૨॥

प्रविशति वज्रमये यदि सदने,
तृणमथ घटयति वदने ।
तदपि न मुञ्चति हत समवर्ती,
निर्दयपौरुषनर्ती ॥३॥ विनय.

મહાકાળથી બચવા ભલે કોઈ વજ્રના બનેલા ઘરમાં છુપાઈ જાય અથવા મોઢામાં તણખલું લઈ એ મહાકાળની આગળ પોતાની હાર કબૂલે, છતાં એ નિર્દય કાળ કોઈને છોડતો નથી. ॥૩॥

विद्यामन्त्रमहौषधिसेवाम्,
सृजतु वशीकृतदेवाम् ।
रसतु रसायनमुपचयकरणम्,
तदपि न मुञ्चति मरणम् ॥४॥ विनय.

ભલેને દેવોને આધીન કરનારા મંત્રો, વિદ્યાઓ કે ઔષધિઓના પ્રયોગ કરો, અથવા તમારા શરીરને પુષ્ટ કરનારા રસાયણોનું સેવન કરો, યાદ રાખો, મૃત્યુ તમને છોડવાનું નથી ! ॥૪॥

वपुषि चिरं निरुणद्धि समीरम्,
पतति जलधिपरतीरम् ।
शिरसि गिरेरधिरोहति तरसा,
तदपि स जीर्यति जरसा ॥५॥ विनय.

ભલે તમે લાંબા સમય સુધી પ્રાણાયામ કરીને શ્વાસનિરોધ કરો, ભલે તમે સમુદ્રની પેલે પાર જઈને રહો, ભલે તમે પહાડોના શિખર ઉપર ચઢી જાઓ.. પરંતુ એક દિવસ તમારું આ દેહનું પિંજરૂ જીર્ણ થવાનું જ છે. ॥૫॥

सृजतीमसितशिरोरुहललितम्,

मनुजशिरः सितपलितम् ।

को विदधानां भूधनमरसम्,

प्रभवति रोद्धुं जरसम् ॥६॥ विनय.

કાળાભમ વાળથી શોભતા મસ્તકને સફેદ કરી નાંખનારી અને સુંદર શરીરને શુષ્ટ કરી નાંખનારી 'જરા' વૃદ્ધાવસ્થાને રોકવા કોણ સમર્થ છે ? કોઈ જ સમર્થ નથી. ॥૬॥

उद्यत उग्ररुजा जनकायः

कः स्यातत्र सहायः ।

एकोऽनुभवति विधुरुपरागम्,

विभजति कोऽपि न भागम्, ॥७॥ विनय.

જ્યારે મનુષ્યના દેહમાં ઉગ્ર કોટિના રોગ દેખા દે છે ત્યારે એને કોણ બચાવી શકે છે ? કોઈ જ નહીં. રાહુની પીડા ચન્દ્ર એકલો જ સહન કરે છે. તમારી પીડા તમારે એકલાએ જ સહવાની છે, કોઈ ભાગ નહીં પડાવે. ॥૭॥

शरणमेकमनुसर चतुरङ्गम्,
परिहर ममतासङ्गम् ।
विनय रचयशिवसौख्यनिधानम्,
शान्तसुधारसपानम् ॥८॥ विनय.

એમ સમજીને હે આત્મન્, દાન-શીલ-તપ અને ભાવરૂપ ચતુર્વિધ ધર્મનું જ શરણ તું અંગીકાર કર. સમતાની શત્રુ મમતાનો સંગ તું છોડી દે અને શિવ સુખના નિધાનરૂપ શાન્તસુધાનું આસ્વાદન કર્યા કર. ॥૮॥

३-संसार भावना-श्लोका:

(शिखरिणी छन्दः)

इतो लोभः क्षोभं जनयति दुरन्तो दव इवो-
ल्लसल्लाभाम्भोभिः कथमपि न शक्यः शमयितुम् ।
इतस्तृष्णाऽक्षाणां तुदति मृगतृष्णैव विफला
कथं स्वस्थैः स्थेयं विविधभयभीमे भववने ॥१॥

આ ભયંકર ભવ-વન છે. ભેંકાર વનવગડો છે. આ વનમાં લોભનો દાવાનળ સળગી રહ્યો છે. તેને કોઈ પણ રીતે બુઝાવી શકાતો નથી. લાભનાં લાકડાંથી લોભનો દાવાનળ વધુને વધુ ઉગ્ર થતો જાય છે. બીજી બાજુ મૃગતૃષ્ણા જેવી વિષયતૃષ્ણા જીવોને ઘોર પીડા આપી રહી છે. આવા ભીષણ ભવ-વનમાં નિરાંતે અને નિશ્ચિતપણે કેવી રીતે રહી શકાય ? ॥૧॥

(शिखरिणी छन्दः)

गलत्येका चिन्ता भवति पुनरन्या तदधिका
मनोवाक्कायेहाविकृतिरतिरोषात्तरजसः
विपद्गर्तावर्ते झटिति पतयालोः प्रतिपदं
न जन्तोः संसारे भवति कथमप्यर्तिविरतिः ॥२॥

આ સંસારમાં મનુષ્યની એક ચિંતા દૂર થાય છે ત્યાં એનાથી ચઢિયાતી બીજી ચિંતા ઉત્પન્ન થાય છે ! મન-વચન અને કાયામાં નિરંતર વિકારો સ્ફૂર્યા કરે છે. તમોગુણ અને રજોગુણથી પગલે-પગલે આપત્તિઓના ઊંડા ખાડામાં ગબડનારા જીવોના દુઃખોનો અંત કેવી રીતે આવે ? ॥૨॥

(शिखरिणी छन्दः)

सहित्वा सन्तापानशुचिजननीकुक्षिकुहरे
ततो जन्म प्राप्य प्रचुरतरकष्टक्रमहतः
सुखाभासैर्यावत् स्पृशति कथमप्यर्ति विरतिं
जरा तावत्कायं कवलयति मृत्योः सहचरी ॥३॥

માતાના અશુચિમય ઉદરમાં આવીને નવ-નવ મહિના કષ્ટ સહન કર્યાં, તે પછી જન્મનાં દુઃખ સહ્યા... મોટાં મોટાં કષ્ટોને સહતા... ક્ષણિક અને કલ્પિત સુખો... વૈષયિક સુખો મળતાં માન્યું કે દુઃખો ગયાં... ત્યાં જ મૃત્યુની પરિચારિકા જરાવસ્થા આવી... ઘડપણ આવ્યું અને કાયા ખખડી જાય છે. મોંઘેરૂ માનવજીવન એળે ચાલ્યું જાય છે. ॥૩॥

(उपजाति छन्दः)

विभ्रान्तचित्तो बत बम्भ्रमीति,
पक्षीव रुद्धस्तनुपञ्जरेऽङ्गी ।
नुन्नो नियत्याऽतनुकर्मतन्तु
-सन्दानितः सन्निहितान्तकौतुः ॥४॥

આ બાપડો જીવ ! ભવિતવ્યતાથી પ્રેરાયેલો, ભારે કર્મોની દોરીથી બંધાયેલો અને કાળરૂપી બિલાડાની પાસે રહેલો...જીવ... દિશાશૂન્ય બની ગયો છે... પાંજરામાં પુરાયેલા પંખીની જેમ દેહના પિંજરામાં પુરાયેલો જીવ આ સંસારમાં પરિભ્રમણ કર્યા જ કરે છે. ॥૪॥

(अनुष्टुप छन्दः)

अनन्तान्पुद्गलावर्ताननन्तानन्तरुपभृत्
अनन्तशो भ्रमत्येव जीवोऽनादिभवार्णवे ॥५॥

આ જીવ સંસારની ચાર ગતિમાં અને ૮૪ લાખ યોનિમાં ભટકતો અનંત-અનંત દેહ-શરીર ધારણ કરે છે. અનંત પુદ્ગલ પરાવર્ત કાળ... અનાદિ ભવસાગરમાં... અનંતવાર ભ્રમણ કર્યા કરે છે. ॥૫॥

तृतीयभावना-गीत
(राग : भैरवी)

कलय संसारमतिदारुणम्,
जन्ममरणादिभयभीत रे ।
मोहरिपुणेह सगलग्रहम्
प्रतिपदं विपदमुपनीत रे ॥१॥ कलय.

હે જીવ ! મોહ શત્રુએ તને ગળેથી પકડીને, ડગલે ને પગલે ત્રાસ આપેલો છે. તું આ સંસારને જન્મ-મૃત્યુના ભયથી ભરેલો જો અને તેને અત્યંત બિહામણો સમજ.॥૧॥

स्वजनतनयादिपरिचयगुणै-
रिह मुधा बध्यसे मूढ रे ।
प्रतिपदं नवनवैरनुभवैः
परिभवैरसकृदुपगूढ रे ॥२॥ कलय.

હે મૂઢ જીવ ! સ્વજન-પરિજનો સાથેના તારા મીઠા સંબંધોનાં બંધન વ્યર્થ છે. ડગલે ને પગલે તને આ સંસારના નવા નવા અનુભવો નથી થતા શું ? વાત-વાતમાં તારો પરાભવ નથી થતો શું ? જરા શાન્તિથી વિચાર કર.॥૨॥

घटयसि क्वचन मदमुन्नतेः,
क्वचिदहो हीनतादीन रे ।
प्रतिभवं रूपमपरापरम्,
वहसि बत कर्मणाधीन रे ॥३॥ कलय.

ક્યારેક તું તારી સંપત્તિથી અભિમાની બને છે, તો ક્યારેક દરિદ્રતાથી દીનતા કરે છે ! તું કર્મોને પરાધીન છે... માટે દરેક જન્મમાં તું નવાં-નવાં જુદાં જુદાં રૂપ ધારણ કરે છે ! સંસારનાં રંગમંચ ઉપર તું એક નાટકિયો છે!॥૩॥

जातु शैशवदशापरवशो,
जातु तारुण्यमदमत्त रे ।
जातु दुर्जयजराजर्जरो,
जातु पितृपतिकरायत्त रे ॥४॥ कलय.

ક્યારેક તારી બાલ્ય અવસ્થા હોય છે.. પછી તારુણ્યના તરવરાટથી ઉન્મત્ત હોય છે... તે પછી દુર્જય ઘડપણથી તારો દેહ ખખડી જાય છે અને છેલ્લે તું યમરાજની હથેળીમાં પડ્યો હોય છે ! ॥૪॥

व्रजति तनयोऽपि ननु जनकताम्,
तनयतां व्रजति पुनरेष रे ।
भावयन्विकृतिमिति
भवगतेस्त्यजतमांनृभवशुभशेष रे ॥५॥ कलय.

આ સંસારમાં, ભવના પરિવર્તન સાથે પુત્ર પિતા બને છે, પિતા પુત્ર બને છે ! તું આવી સંસાર સ્થિતિની વિષમતાનું ચિંતન કર અને આવા સંસારનાં હેતુભૂત પાપોનો ત્યાગ કર. હજુ આ મનુષ્યજન્મરૂપી શુભ સામગ્રી તારી પાસે છે. માટે પુરુષાર્થ કર. ॥૫॥

यत्र दुःखार्तिगदवलवै-
रनुदिनं दह्यसे जीव रे ।
हन्त तत्रैव रज्यसि चिरम्,
मोहमदिरामदक्षीव रे ॥६॥ कलय.

હે જીવ, જે સંસારમાં તું અનેક પ્રકારના દુઃખ, ચિંતાઓ.. અને રોગોની અગ્નિ જ્વાળાઓમાં પ્રતિદિન બળ્યા કરે છે, તે સંસાર પર તું રાગ ધારણ કરે છે ? પરંતુ એમાં તારો દોષ નથી. મોહમદિરા તેં ઠાંસી-ઠાંસીને પીધી છે... તેથી તારી બુદ્ધિ નાશ પામી છે... અફસોસની આ વાત છે. ॥૬॥

दर्शयन् किमपि सुखवैभवम्,
संहरंस्तदथ सहसैव रे ।
विप्रलम्भयति शिशुमिव जनम्,
कालबटुकोऽयमत्रैव रे ॥७॥ कलय.

આ કાળ... મહાકાળ... એક જાદુગર છે. આ સંસારમાં જીવોને એ સુખ-સમૃદ્ધિ બતાવે છે. અને પછી એ માયાજાળ સંકેલીને લોકોને, બાળકની જેમ ઠગી લે છે. સંસાર એક ઇન્દ્રજાળ છે. સાચું કાંઈ નથી. ॥૭॥

सकलसंसारभयभेदकम्,
जिनवचो मनसि निबधान रे ।
विनय परिणमय निःश्रेयसम्,
विहितशमरससुधापान रे ॥८॥ कलय.

હે આત્મન્ ! તું તારા મનમાં જિનવચનોનું ચિંતન કર. એ જિનવચનો જ સંસારના સર્વ ભયોનો નાશ કરશે. શમરસનું અમૃતપાન કરીને તું મુક્તિને પ્રાપ્ત કરીશ. એ મુક્તિ, સર્વ દુઃખોના સંપૂર્ણ વિલયરૂપ છે અને શાશ્વત સુખનું એક માત્ર ધામ છે. ॥૮॥

४-एकत्व भावना-श्लोकाः

(स्वागता छन्दः)

एक एव भगवानयमात्मा,
ज्ञानदर्शनतरङ्गसरङ्गः ।
सर्वमन्यदुपकल्पितमेतद्,
व्याकुलीकरणमेव ममत्वम् ॥१॥

આ આત્મા એક જ છે, એ જ પ્રભુ છે, ભગવાન છે, જ્ઞાન-દર્શનના તરંગોમાં મસ્ત છે. એ સિવાયનું બીજું બધું મમત્વ માત્ર છે... કલ્પનાનું વિશ્વ છે. આ મમત્વ વ્યાકુળતાને વધારનારું છે.

(प्रबोधता छन्दः)

अबुधैः परभावलालसा-
लसदज्ञानदशावशात्मभिः ।
परवस्तुषु हा स्वकीयता,
विषयावेशवशाद् विकल्प्यते ॥२॥

ઓહ ! પરભાવની લાલસામાં ડૂબેલા મૂર્ખ અને અજ્ઞાની માણસો ઇન્દ્રિયજન્ય આવેગોને પરવસ બનીને પરાઈ વસ્તુમાં પોતાપણું માને છે.

(प्रबोधता छन्दः)

कृतिनां दयितेति चिन्तम्,
परदारेषु यथा विपत्तये ।
विविधार्तिभयावहं तथा,
परभावेषु ममत्वभावनम् ॥३॥

સમજુ અને શાણો માણસ બીજાની પત્ની માટે 'એ મારી પોતાની છે; એવી કલ્પના કરે તો એ જેમ દુઃખી થાય... એવી જ રીતે જે પોતાનું નથી એમાં મમત્વની લાગણી જાતજાતની પીડાઓને નિમંત્રે છે. ॥૩॥

(प्रबोधता छन्दः)

अधुना परभावसंवृतिं हर चेतः
परितोऽवगुण्ठिताम् ।
क्षणमात्मविचारचन्दन-
द्रुमवातोर्मिरसाः स्पृशन्तु माम् ॥४॥

પરભાવના આવરણમાં લપેટાયેલા ઓ મારા મન! આ આવરણોને ભેદીને તું મુક્ત થા! જેથી આત્મ-વિચારરૂપી ચંદનવૃક્ષની શીળી ઉર્મિઓ મને સ્પર્શી શકે ! ॥૪॥

(अनुष्टुप छन्दः)

एकतां समतोपेता-मेनामात्मन् विभावय ।
लभस्व परमानन्दं-सम्पदं नमिराजवत् ॥५॥

આત્મન્ ! સમત્ભાવની સાથે તું એકતાનો અનુભવ કર! આમ કરીને નમિ રાજર્ષિની જેમ તું પરમ આનંદનો ખજાનો પ્રાપ્ત કરી શકીશ. ॥૫॥

चतुर्थभावना-गीत

(राग : भीमपलास)

विनय चिन्तय वस्तुतत्त्वम्,
जगति निजमिह कस्य किम्
भवति मतिरिति यस्य हृदये,
दुरितमुदयति तस्य किम् ॥१॥ विनय.

ઓ વિનય ! તું વસ્તુના વાસ્તવિકરૂપનું બરાબર ચિંતન કર ! આ જગતની જેલમાં મારું પોતાનું છે શું ? આવી પારદર્શી પ્રજ્ઞા જેના હૈયામાં પ્રગટી જાય.. એને વળી દુઃખ-દુરિત સ્પર્શી જ કેમ શકે ? ॥૧॥

एक उत्पद्यते तनुमा-
नेक एव विपद्यते ।
एक एव हि कर्म चिनुते,
सैककः फलमश्नुते ॥२॥ विनय.

શરીરધારી આત્મા એકલો જ જન્મે છે અને એકલો જ મૃત્યુ પામે છે. કર્મોને પણ એકલો જ બાંધે છે અને એ કર્મોને એકલા જ ભોગવવા પડે છે. ॥૨॥

यस्य यावान् परपरिग्रह-
विविधममतावीवधः ।
जलधिविनिहितपोतयुक्त्या,
पतति तावदसावधः ॥३॥ विनय.

જાતજાતના મમત્વોના ભારથી દબાયેલો પ્રાણી પરિગ્રહનો બોજ વધવાથી... વધારે પડતા ભારથી દરિયામાં ડૂબી જતા વહાણની જેમ નીચે જાય છે... ॥૩॥

स्वस्वभावं मद्यमुदितो,
भुवि विलुप्य विचेष्टते ।
दृश्यतां परभावघटनात्,
पतति विलुठति जृम्भते ॥४॥ विनय.

દારૂના નશામાં ચકચૂર માણસની જેમ મૂઢ આત્મા પરભાવમાં પડે છે, આથડે છે, આળોટે છે અને શૂન્યમનસ્ક બની જાય છે. ॥૪॥

पश्य काञ्चनमितरपुद्गल-
मिलितमञ्चति कां दशाम् ।
केवलस्य तु तस्य रुपम्
विदितमेव भवादृशाम् ॥५॥ विनय.

તમને તો ખબર જ છે, સોના જેવી કીમતી ધાતુ પણ જો હલકી ધાતુમાં ભળે તો પોતાનું નિર્મળરૂપ ગુમાવી બેસે ! ॥૫॥

एवमात्मनि कर्मवशतो,
भवति रुपमनेकधा ।
कर्ममलरहिते तु भगवति,
भासते काञ्चनविधा ॥६॥ विनय.

પરભાવની પલોજણમાં પડેલો આત્મા ભાતભાતના સ્વાંગ સજે છે. પણ એ જ આત્મા જો કર્મોના મેલથી મુક્ત બની જાય તો શુદ્ધ સોનાની જેમ ઝળહળી ઉઠે છે. ॥૬॥

ज्ञानदर्शनचरणपर्यवपरिवृतः
परमेश्वरः ।
एक एवानुभवसदने,
स रमतामविनश्वरः ॥७॥ विनय.

આવા પરમેશ્વર સદૈવ જ્ઞાન-દર્શન અને ચારિત્રના ભાવોથી પરિપૂર્ણ હોય છે. એઓજ મારા સ્વાનુભાવના મંદિરમાં રમતા રહો ! ॥૭॥

रुचिरसमतामृतरसं क्षण-
मुदतिमास्वादय मुदा ।
विनय विषयातीतसुखरस-
रतिरुदञ्चतु ते सदा ॥८॥ विनय.

શાંત રસનો આવિર્ભાવ તારા હૈયામાં થયો છે... તું એનો જરા આસ્વાદ કર... જેથી ઐન્દ્રિક સુખભોગના રસંથી ખૂબ દૂર એવા શાંતરસમાં તારું મન આનંદ પ્રાપ્ત કરશે ! ॥૮॥

५-अन्यत्व भावना-श्लोकाः

(उपजाति छन्दः)

परः प्रविष्टः कुरुते विनाशम्,
लोकोक्तिरेषा न मृषेति मन्ये ।
निर्विश्य कर्माणुभिरस्य किं किम्,
ज्ञानात्मनो नो समपादि कष्टम् ॥१॥

'પરાઈ વ્યક્તિ ઘરમાં આવીને ભાંગતોડ કરે છે.' - આ કહેવત સાવ ખોટી નથી..જ્ઞાનથી સમૃદ્ધ એવા આત્મામાં કર્મોના પરમાણુઓએ કેવા દુઃખો નોંતર્યા છે ? ॥૧॥

(स्वागता छन्दः)

खिद्यसे ननु किमन्यकथार्तः,
सर्वदैव ममतापरतन्त्र ।
चिन्तयस्यनुपमान्कथमात्मन्नात्मनो
गुणमणीन्न कदापि ॥२॥

અરે મારા આત્મન્ !

શા માટે પારકી પંચાતમાં પડીને પીડા વહોરે છે ? તું શા માટે તારી પાસે રહેલા ગુણોના ભંડાર તરફ નજર નથી કરતો ? એનો વિચાર કેમ નથી કરતો ? ॥૨॥

(शार्दूलविक्रीडित छन्दः)

यस्मै त्वं यतसे बिभेषि च यतो यत्रानिशं मोदसे
यद्यच्छोचसि यद्यदिच्छसि हृदा यत्प्राप्य पेप्रीयसे ।
स्निग्धो येषु निजस्वभावममलं निर्लोठ्य लालप्यसे
तत्सर्वं परकीयमेव भगवन्नात्मन्न किञ्चित्तव ॥३॥

તું જેના માટે પ્રયત્ન કરે છે, તું જે માટે ભય અનુભવે છે, ક્યારેક તું ખુશ થઈ જાય છે, ક્યારેક ઉદાસી... નારાજગીથી ઘેરાઈ જાય છે, તારું મનગમતું મેળવીને હર્ષથી છલકાઈ જાય છે, તારા નિર્મળ આત્મસ્વભાવને કચડીને તું જે વસ્તુ પાછળ પાગલ બની રહ્યો છે, એ બધુ જ પારકું છે... તારું કંઈ જ નથી ! ॥૩॥

(शार्दूलविक्रीडित छन्दः)

दुष्टाः कष्टकदर्थनाः कति न ताः सोढास्त्वया संसृतौ
तिर्यङ् नारकयोनिषु प्रतिहतश्छिन्नो विभिन्नो मुहुः ।
सर्वं तत्परकीयदुर्विलसितं विस्मृत्य तेष्वेव हा
रज्यन्मुह्यसि मूढतानुपचरन्नात्मन्न किं लज्जसे ॥४॥

આ વિશ્વામાં દારૂણ દુઃખો અને કઈ પીડા-વિટંબણા તેં વેઠી નથી ? પશુ અને નરક ગતિમાં તેં મારા ખાધો છે, વારે વારે તુ કપાયો છે, ટુકડે ટુકડા થયો છે, આ બધુ પારકા પદાર્થોની આસકિતનો વિલાસ છે, અને એ બધું ભૂલી ને પાછો પરભાવમાં પાગલ બનવાની મૂઢતા રાખે છે. બેશર્મીની પણ હદ છે ! ॥૪॥

(अनुष्टुप छन्दः)

ज्ञानदर्शनचारित्रकेतनां चेतनां विना ।
सर्वमन्यद्विनिश्चित्य यतस्व स्वहितासये ॥५॥

'જ્ઞાન-દર્શન-ચરિત્રના ચિહ્નોથી યુક્ત ચેતના સિવાયના તમામ પદાર્થો પર છે. અન્ય છે.' તું આ વિચાર સ્થિર કરીને પોતાના હિત-કલ્યાણ માટે પ્રયત્નશીલ બન. ॥૫॥

पंचमभावना-गीत

(राग : श्री)

विनय निभालय निजभवनम !
तनुधनसुतसदन-स्वजनादिषु,
किं निजमिह कुगतेरवनम्, ॥१॥ विनय.

ઓ વિનય ! જરી તારા પોતાના ઘરની તો સારી પેઠે સંભાળ લે ! શરીર... ધન... સ્વજનો... પરિવાર... આ બધામાંથી કોણ તને દુર્ગતિમાં જતા અટકાવી શકે છે ? કોઈ તારું પોતાનું છે ખરું ? ॥૧॥

येन सहाश्रयसेऽतिविमोहा-
दिदमहमित्यविभेदम् ।
तदपि शरीरं नियतमधीरम्,
त्यजति भवन्तं धृतखेदम् ॥२॥ विनय.

જેને તું પોતાનું સમજીને ધારણ કરે છે... એ શરીર પણ અતિ ચંચળ છે.... તને ખિન્ન બનાવીને... શિથિલ બનાવીને છોડી દેશે ! ॥૨॥

जन्मनि जन्मनि विविधपरिग्रह-
मुपचिनुषे च कुटुम्बम् ।
तेषु भवन्तं परभवगमने,
नानुसरति कृशमपि शुम्बम् ॥३॥ विनय.

પ્રત્યેક જન્મમાં વિવિધ પ્રકારના પરિગ્રહો ભેગા કરે છે.. કુટુંબ કબીલો રચે છે અને જ્યારે પરભવમાં ચાલ્યા જવું પડે છે ત્યારે નાનકડો હિસ્સો પણ તારી સાથે આવી શક્તો નથી ! ॥૩॥

त्यज ममतापरितापनिदानम्,

परपरिचयपरिणामम् ।

भज निःसङ्गतया विशदीकृत-

मनुभवसुखरसमभिरामम् ॥४॥ वियन.

આસક્તિ અને આવેશને જન્માવનાર મમતાને ત્યજી દે. એ માટે પારકી વસ્તુના પરિચયને છોડી દે. નિઃસંગ અને નિરાકાંક્ષ બનીને અનુભવ-રચના સુખને મેળવ ! ॥૪॥

पथि पथि विविधपथैः

पथिकैः सह कुरुते कः प्रतिबन्धम् ।

निजनिजकर्मवशैः स्वजनैः

सह किं कुरुषे ममताबन्धम् ॥५॥ विनय.

સફરમાં મળતા જાતજાતના યાત્રાળુઓ સાથે સ્નેહનો નાતો રચાવાથી શું ફાયદો ? પોતપોતાના કર્મોના સહારે જીવતા સ્વજનો સાથે શા માટે સ્નેહના સંબંધો બાંધે છે ? ॥૫॥

प्रणयविहीने दधदभिषङ्गम्,

सहते बहुसन्तापम् ।

त्वयि निष्प्रणये पुद्गलनिचये,

वहसि मुधा ममतातापम् ॥६॥ विनय.

જેને તારા પ્રત્યે પ્રેમ નથી એને તું મેળવવા કોશિશ કરીશ તો પારવગરની વેદના તને ઘેરી વળશે. પુદ્ગલની માયાજાળ આવી જ પ્રેમવિહોણી છે. તું નાહક એની પાછળ પાગલ બનીને પીડા વેઠે છે ! ॥૬॥

त्यज संयोगं नियतवियोगम्,
कुरु निर्मलमवधानम् ।
नहि विद्धानः कथमपि तृप्यसि
मृगतृष्णाघनरसपानम् ॥७॥ विनय.

જે જુદાઈ સુધી જનાર છે, એ મિલનને પહેલેથી જ છોડી દે... તારી એકાગ્રતાને સ્વચ્છ અને પારદર્શી બનાવ. ઝાંઝવાના જળને હોઠે અડાડવાથી તરસ નહીં છીપે, બલ્કે વધારે ભડકશે ! ॥૭॥

भज जिनपतिमसहायसहायम्,
शिवगतिसुगमोपायम्।
पिब गदशमनं परिहृतवमनम्,
शान्तसुधारसमनपायम् ॥८॥ विनय.

જગમાં જેનું કોઈ નથી. એને પણ સહાય કરનારા જિનેશ્વરનું તું ધ્યાન ધર ! આજ એક મોક્ષ પ્રાપ્તિનો-મુક્તિનો સરળ ઉપાય છે. આધિ-વ્યાધિને શાંત કરનારા.. અને સારી રીતે પચનારા શાંત સુધાના રસનો તું પાન કર ! ॥૮॥

६-अशुचिभावना-श्लोकाः

(शादूर्लविक्रीडित छन्दः)

सच्छिद्रो मदिराघटः परिगलत्तल्लेशसङ्गशुचिः
शुच्या मृद्य मृदा बहिः
स बहुशो धौतोऽपि गङ्गोदकैः ।
नाधत्ते शुचितां यथा तनुभृतां
कायो निकायो महा-
बीभत्सास्थिपुरीषमूत्ररजसां
नायं तथा शुद्ध्यति ॥१॥

છિદ્રયુક્ત ઘડામાંથી દારૂ ગળતો હોય... અને એવા અપવિત્ર ઘડાને બહારથી સુંદર માટી દ્વારા માંજવામાં આવે, ગંગાના પાણીથી ધોવામાં આવે તો પણ એ પવિત્ર ના બને, એવી રીતે ગંદા હાડકા, મળ-મૂત્ર, શ્લેષ્મ ચામડી અને લોહીથી ખદબદતું આ શરીર શુદ્ધ થતું નથી. ॥૧॥

(मंदाक्रांता छन्दः)

स्नायं स्नायं पुनरपि पुनः स्नान्ति शुद्धाभिरद्भि-
र्वारं वारं बत समलतनुं चन्दनैरर्चयन्ते ।
मूढात्मानो वयमपमलाः प्रीतिमित्याश्रयन्ते
नो शुद्ध्यन्ते कथमवकरः शक्यते शोद्धुमेव ॥२॥

અબુધ માણસો વારે વારે સ્નાન કરીને શરીરને ચોક્ખું કરે છે, ચંદન-સુંખડના વિલેપન કરીને પોતાની જાતને સ્વચ્છ માને છે, પણ એ ભ્રમણા છે. ઉકરડાને કંઈ શુદ્ધ ના કરી શકાય ! (શુદ્ધ થાય તો ઉકરડો ના રહે !) ॥૨॥

(शार्दूलविक्रीडित छन्दः)

कर्पूरादिभिरर्चितोऽपि लशुनो नो गाहते सौरभं,
नाजन्मोपकृतोऽपि हन्त पिशुनः
सौजन्यमालम्बते ।
देहोऽप्येष तथा जहाति न
नृणां स्वाभाविकीं विस्त्रतां,
नाभ्यक्तोऽपि विभूषितोऽपि
बहुधा पुष्टोऽपि विश्वस्यते ॥३॥

લસણને કપૂર વગેરે સુગંધી પદાર્થો સાથે રાખવામાં આવે તો પણ એની ખરાબ વાસ જતી નથી. નગુણા માણસ પર જીવનભર ઉપકારા કરો તો પણ એને બે આંખની શરમ નડતી નથી. એ જ રીતે મનુષ્યનો દેહ એની સ્વાભાવિક દુર્ગન્ધને છોડે નહીં. ગમે એટલું એને સજાવો... શણગારો... હૃષ્ટ-પુષ્ટ બનાવો... પણ એનો ભરોસો નહીં ! ॥૩॥

(उपजाति छन्दः)

यदीयसंसर्गमवाप्य सद्यो
भवेत्शुचीनामशुचित्वमुच्चैः ।
अमेध्ययोनेर्वपुषोऽस्य
शौचसङ्कल्पमोहोऽयमहो महीयान् ॥४॥

(स्वागता छन्दः)

इत्यवेत्य शुचिवादमतथ्यम्,
पथ्यमेव जगदेकपवित्रम् ।
शोधनं सकलदोषमलानाम्,
धर्ममेव हृदये निदधीथाः ॥५॥

જે શરીર પોતાના સંપર્કમાં આવતી પવિત્ર વસ્તુઓને પણ મલિન બનાવી દે છે... એનામાં પવિત્રતાની કલ્પના કરવી એ જ મોટું અજ્ઞાન છે. મૂઢતા છે. આ દૈહિક સ્વચ્છતા... પવિત્રતાની ધારણાઆ જ ખોટી છે... બધા જ દોષોનું પ્રક્ષાલન કરનાર 'ધર્મ' જ વિશ્વમાં પવિત્રતમ છે. એ ધર્મને હૃદયમાં ધારણ કર ! ॥૪-૫॥

षष्ठभावना-गीत

(राग : आशावरी)

भावय रे वपुरिदमतिमलिनम्
विनय विबोधय मानसनलिनम्,
पावनमनुचिन्तय विभुमेकम्,
परममहोदयमुदितविवेकम्, ॥१॥ भावय.

ओ विनय !

આ શરીર ગંદુ છે... મલિન છે ! આ વાત તું સારી રીતે સમજ ! તારા મન-કમળને વિકસિત કર ! અને જે આત્મતત્વરૂપ પરમાત્મા છે, જે કલ્યાણકારી છે, પ્રકૃષ્ટ વિવેકથી યુક્ત છે, એનું તું ચિંતન કર ! ॥૧॥

दम्पतिरेतोरुधिरविवर्ते,
किं शुभमिह मलकश्मलगर्त्ते ।
भृशमपि पिहितः स्रवति विरूपम्,
को बहु मनुतेऽवस्करकूपम् ॥२॥ भावय.

સ્ત્રી પુરુષના રજ અને વીર્યના ચકરાવામાં પડેલા મળ અને કચરાના સમૂહરૂપ શરીરમાં શું સારું હોય ! એને સારી રીતે ઢાંકો તોયે ખરાબ પદારથો સ્રવ્યા જ કરે. આવા ગંદા કૂવાને કોણ સમજુ માણસ સારો ગણે ? ॥૨॥

भजति सचन्द्रं शुचिताम्बूलम्,
कर्तुं मुखमारुतमनुकूलम् ।
तिष्ठति सुरभि कियन्तं कालम्,
मुखमसुगन्धि जुगुप्सितलालम् ॥३॥ भावय.

મુખમાંથી સારી વાસ આવે, - એ માટે પાનમાં બરાસ વગેરે સુગંધી પદાર્થો નાંકીને ખાય છે. પણ આ મોઢું જ દુર્ગન્ધયુક્ત લાળથી ભરેલું છે. એમાં ખુશબોદાર શ્વાસ રહેશે કેટલો સમય ? ॥૩॥

असुरभिगन्धवहोऽन्तरचारी,
आवरितुं शक्यो न विकारी ।
वपुरुपजिघ्रसि वारंवारम्,
हसति बुधस्तव शौचाचारम्, ॥४॥ भावय.

શરીરમાં વ્યાપ્ત ખરાબ વાસ મારતો વાયુ દાબ્યો દબાય નહીં. ઢાંક્યો ઢંકાય નહીં, તોયે તું એ શરીરને વારે વારે સૂંઘે છે, ચાટે છે, આ રીતે તું શરીરને પવિત્ર બનાવવાની ચેષ્ટા કરે છે. એના પર પ્રબુદ્ધ માણસો હસી રહ્યા છે!॥૪॥

द्वादश नव रन्ध्राणि निकामम्,
गलदशुचीनि न यान्ति विरामम् ।
यत्र वपुषि तत्कलयसि पूतम्,
मन्ये तव नूतनमाकूतम् ॥५॥ भावय.

શરીરના બાર (સ્ત્રીના) અને નવ (પુરુષના) છિદ્રોમાંથી સતત અશુચિ પદાર્થો નીકળ્યા કરે છે. એને તું પવિત્ર માનવાની ઘેલછા કરે છે. મને લાગે છે આ તારો કોઈ નવી નવાઈનો અભિગમ છે ! ॥૫॥

अशितमुपस्करसंस्कृतमन्नम्
जगति जुगुप्सां जनयति हन्नम् ।
पुसंवनं धैनवमपि लीढम् भवति
विगर्हितमति जनमीढम् ॥६॥ भावय.

સારી રીતે તૈયાર કરેલું, સ્વાદિષ્ટ અને સરસ ભોજન પણ વિષ્ટા થઈને જુગુપ્સા પેદા કરે છે. ગાયનું દૂધ પીધા પછી એ મૂત્ર બનીને ગંદકી ફેલાવે છે. ॥૬॥

केवलमलमयपुद्गलनिचये
अशुचीकृतशुचिभोजनसिचये ।
वपुषि विचिन्तय परमिह सारम्,
शिवसाधनसामर्थ्यमुदारम् ॥७॥ भायव.

આ શરીર કેવળ મળથી ભરેલા પરમાણુઓનો ઢગલો છે. સુંદર-સરસ ભોજન કે મનોહારી વસ્ત્રોને પણ અપવિત્ર બનાવનાર છે. પણ આજ શરીરમાં જો સાર ભૂત કંઈ હોય તો મોક્ષમાર્ગની આરાધના કરવાનું સામર્થ્ય છે ! એનો તું વિચાર કર ! ॥૭॥

येन विराजितमिदमतिपुण्यम्,
तच्चिन्तय चेतन नैपुण्यम् ।
विशदागममधिगम्य निपानम्,
विरचय शान्तसुधारसपानम् ॥८॥ भावय.

આજ શરીરને મહાપુણ્યશાળી ગણાવી શકાય એવી કળાનો તું વિચાર કર. મહાપવિત્ર આગમ-શાસ્ત્રોરૂપી જળાશયના તીરે બેસીને તું શાંત સુધાના રસનું આસ્વાદન કર. તારું શરીર તો ઠીક, - મન પણ પવિત્ર બની જશે ! ॥૮॥

૭-आश्रवभावना-श्लोकाः

(भुजंगप्रयात छन्दः)

यथा सर्वतो निर्झरैरापतद्भिः,
प्रपूर्येत सद्यः पयोभिस्तटाकः ।
तथैवाश्रवैः कर्मभिः सम्भृतोऽङ्गी,
भवेद्व्याकुलश्चञ्चलः पङ्किलश्च ॥१॥

જેમ ચારે બાજુથી દોડ્યા આવતા ઝરણાંઓ તળાવને પાણીથી છલકાવી દે છે, તેમ પ્રાણીઓ જાતજાતના પાપ-આશ્રવો વડે ઊભરાય છે, આકુળ-વ્યાકુળ બને છે, અસ્થિર અને ગંદા બને છે. ॥૧॥

(शार्दूलविक्रीडित छन्दः)

यावत्कि ञ्चिदिवानुभूय
तरसा कर्मेह निर्जीर्यते ।
तावच्चाश्रवशत्रवोऽनुसमयं
सिञ्चिन्ति भूयोऽपि तत् ।
हा कष्टं कथमाश्रवप्रतिभटाः
शक्या निरोद्धुं मया
संसारादतिभीषणान्मम
हहा मुक्तिः कथं भाविनी ॥२॥

થોડીક મહેનત કરીને, જલ્દી જલ્દી થોડાંક કર્મોને જ્યાં દૂર કરીએ ત્યાં તો આશ્રવરૂપી શત્રુઓ હુમલો કરીને પ્રતિક્ષણે કર્મોથી આત્માને ભરી દે છે ! આ કેવી વિટંબણા છે ! મારે આ આશ્રવોને રોકવા કેવી રીતે ? આ ભયંકર સંસારમાંથી છૂટકારો મેળવવો કેમ કરીને ? ॥૨॥

(प्रहर्षिणी छन्दः)

मिथ्यात्वाविरतिकषाययोगसंज्ञाश्चत्वारः
सुकृतिभिराश्रवाः प्रदिष्टाः ।
कर्माणि प्रतिसमयं स्फुटैरमीभिर्बद्धनन्तो.
भ्रमवशतो भ्रमन्ति जीवाः ॥३॥

મહામનીષિ પુરુષોએ મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ નામના ચાર આશ્રવો બતાવ્યા છે. આ આશ્રવો દ્વારા પળેપળ પ્રાણીઓ કર્મોના કીચડમાં ફસાય છે અને સંસારના ચકરાવે રખડ્યા કરે છે. ॥૩॥

(रथोद्धता छन्दः)

इन्द्रियाव्रतकषाययोगजाः
पंच पंच चतुरन्वितास्त्रयः।
पञ्चविंशतिरसत्क्रिया इति,
नेत्रवेदपरिसङ्ख्यया‌ऽप्यमी ॥४॥

આ આશ્રવો જન્મે છે પાંચ ઈન્દ્રિયો, પાંચ જાતના અવ્રત, ચાર જાતના કષાય અને ત્રણ પ્રકારના યોગમાંથી ! આની સાથે પચ્ચીસ અસત્‌ક્રિયાને મેળવવાથી એના બેંતાલીશ પ્રકાર થઈ જાય. ॥૪॥

(इंद्रवज्रा छन्दः)

इत्याश्रवाणामधिगम्य तत्त्वम्,
निश्चित्य सत्त्वं श्रुतिसन्निधानात् ।
एषां निरोधे विगलद्विरोधे
सर्वात्मना द्राग् यतितव्यमात्मन् ॥५॥

આ રીતે આશ્રવ તત્વોને જાણીને અને શાસ્ત્રાભ્યાસથી તત્વનો નિર્ણય કરીને આત્મન્ ! તું એમના સર્વાંગીણ નિરોધ માટે તમામ તાકાત લગાવીને પ્રયત્નશીલ બન ! ॥૫॥

सप्तमभावना-गीत

(राग : तोडी)

परिहणीया रे, सुकृतिभिराश्रवा,
हृदि समतामवधाय।
प्रभवन्त्येते रे, भृशमुच्छृङ्खला,
विभुगुणविभववधाय ॥१॥ परि.

શ્રેયાર્થી જીવોએ હૈયામાં સમત્વને ધારણ કરીને કર્મબંધ માટે પ્રબળ કારણરૂપ આશ્રવોને છોડવા જોઈએ ! આ આશ્રવો જો નિરંકુશ બની ગયા... તો ગુણોના વૈભવને વેરવિખેર કરી નાંખશે ! ॥૧॥

कुगुरुनियुक्ता रे,
कुमतिपरिप्लुताः, शिवपुरपथमपहाय ।
प्रयतन्तेऽमी रे, क्रियया दुष्टया,
प्रत्युत शिवविरहाय ॥२॥ परि.

મિથ્યાત્વ : દંભી ગુરુઓના રવાડે ચડીને અથવા પોતાની ગલત બુદ્ધિના ભોગ બનીને ચંચળ જીવો મોક્ષનો સાચો રસ્તો પડતો મૂકીને અશુદ્ધ અને અશુભ ક્રિયાઓમાં ફસાઈ જાય છે. આ રીતે મોક્ષથી વધુને વધુ દૂર ફેંકાય છે. ॥૨॥

अविरतचित्ता रे, विषयवशीकृता,
विषहन्ते विततानि ।
इह परलोके रे,
कर्मविपाकजा-न्यविरलदु:खशतानि ॥३॥ परि.

અવિરતિ : ત્યાગ.... પ્રતિજ્ઞા કે અનુશાસન માટે જેને કોઈ તમા જ નથી, એવા પ્રાણીઓ આવેગોને પરવશ બનીને આ લોક અને પરલોકમાં કર્મના કારણે ઉત્પન્ન થયેલા ભીષણ દુ:ખોના શિકાર બની જાય છે. ॥૩॥

करिझषमधुपा रे,
शलभमृगादयो, विषयविनोदरसेन ।
हन्त लभन्ते रे, विविधा वेदना,
बत परिणतिविरसेन ॥४॥ परि.

ઇન્દ્રિય : હાથી, માછલી, ભ્રમર, પતંગિયું અને હરણ - આ પ્રાણીઓ પોતપોતાના ગમતા પદાર્થો પાછળ પાગલ બનીને પીડા પામે છે અને છેલ્લે મોતના પંજામાં જકડાય છે. ॥૪॥

उदितकषाया रे, विषयवशीकृता,
यान्ति महानरकेषु ।
परिवर्तन्ते रे, नियतमनन्तशो,
जनमजरामरणेषु ॥५॥ परि.

કષાય : આવેશ અને આવેગના શિકાર બનેલા પ્રાણીઓ નરકની યાત્રાએ જઈ પહોંચે છે અને અનંત અનંત જન્મમરણની ઘટમાળમાં આથડયા કરે છે. ॥૫॥

मनसा वाचा रे, वपुषा चंचला,
दुर्जयदुरितभरेण ।
उपलिप्यन्ते रे, तत आश्रवजये,
यततां कृतमपरेण ॥६॥ परि.

યોગ : મન-વાણી અને વર્તનથી ચંચળ પ્રાણીઓ પાપના ભારથી બેવડ વળીને કર્મરૂપી કાદવથી ખરડાઈ જાય છે. માટે બીજા બધા કામો ગૌણ કરીને ઓ આત્મન્ ! તું આશ્રવો ઉપર વિજય મેળવ !

शुद्धा योगा रे, यदपि यतात्मनाम्,
स्त्रवन्ते शुभकर्माणि
कांचननिगडांस्तान्यपि जानीयात,
हतनिर्वृति शर्माणि ॥७॥ परि.

સંયમી અને વિશુદ્ધ આત્માઓના શુદ્ધ-શુભ યોગો પણ સારા કર્મોને એકત્ર કરે છે. આખરે તો મોક્ષ માટે આ શુભ કાર્યો પણ સોનાની જંજીર બનીને બાધક બને છે. ॥૭॥

मोदेस्वैवं रे, साश्रवपाप्मनाम्,

रोधे धियमाधाय ।

शान्तसुधारसपानमनारतम्,

विनय विधाय विधाय ॥८॥ परि.

હે વિનય !

આશ્રવરૂપી પાપોને રોકવા માટે તારી બુદ્ધિને કામે લગાડ અને સાથે સાથે થાક્યા વગર શાન્ત સુધારસનું પાન કર્યા કર ! ॥૮॥

मोदेस्वैवं रे, साश्रवपाम्पनाम्,

रोधे धियमाधाय ।

शान्तसुधारसपानमनारतम्,

विनय विधाय विधाय ॥८॥ परि.

હે વિનય !

આશ્રવરૂપી પાપોને રોકવા માટે તારી બુદ્ધિને કામે લગાડ અને સાથે સાથે થાક્યા વગર સાન્ત સુધારસનું પાન કાર્ય કર ! ॥૮॥

૮-संवरभावना-श्लोको

(स्वागता छन्दः)

येन येन य इहाश्रवरोधः,
सम्भवेन्नियतमौपयिकेन ।
आद्रियस्व विनयोद्यतचेतास्-
तत्तदान्तरदृशा परिभाव्य ॥१॥

જે જે ઉપાયો દ્વારા આશ્રવોને અટકાવી શકાય, એ બધાની આંતરદષ્ટિથી સમાલોચના-વિચારણા કરીને તું એ ઉપાયોનો આદર કર, અમલમાં મૂક. ॥૧॥

(स्वागता छन्दः)

संयमेन विषयाविरतत्वे,
दर्शनेन वितथाभिनिवेशम् ।
ध्यानमार्तमथ रौद्रमजस्त्रम्,
चेतसः स्थिरतया च निरुन्ध्याः ॥२॥

ઈન્દ્રિયો, વિષયો અને અસંયમના આવેગોને સંયમથી દબાવી દે. સમ્યક્ત્વથી મિથ્યાત્વને-ખોટા આગ્રહોને અવરોધી દે. આર્ત અને રૌદ્ર ધ્યાનને સ્થિરચિત્ત વડે રુંધી દે. ॥૨॥

(शालिनी छन्दः)

क्रोधं क्षान्त्या मार्दवेनाभिमानम्,
हन्या मायामार्जवेनोज्ज्वलेन ।
लोभं वारांराशिरौद्रं निरुन्ध्या,
सन्तोषेण प्रांशुना सेतुनेव ॥३॥

ક્ષમા દ્વારા ક્રોધને, નમ્રતા દ્વારા માનને, પારદર્શી સરળતા દ્વારા માયાને અને સંતોષના બંધ વડે સાગર જેવા વિશાળ લોભને નિગ્રહિત કર. ॥૩॥

(स्वागता छन्दः)

गुप्तिभिस्तिसृभिरेवमजय्यान्,
त्रीन् विजित्य तरसाधमयोगान् ।
साधुसंवरपथे प्रयतेथा,
लप्स्यसे हितमनीहितमिद्धम् ॥४॥

મન વચન કાયાના દુર્જય એવા અશુભ યોગોને ત્રણ ગુપ્તિઓ વડે શીઘ્ર જીતીને તું સુંદર સંવર પંથે વિચરણ કર. એનાથી તને ઇચ્છિત મુક્તિસુખ મળશે. ॥૪॥

(मंदाक्रांता छन्दः)

एवं रुद्धेष्वमलहृदयैराश्रवेष्वाप्तवाक्य-
श्रद्धाचञ्चत्सितपटपटुः सुप्रतिष्ठानशाली ।
शुध्धैर्योगैर्जवनपवनैः प्रेरितो जीवपोतः
स्त्रोतस्तीर्त्वा भवजलनिधेर्याति निर्वाणपुर्याम् ।।५।।

આ પ્રમાણે સ્વચ્છ હૃદય દ્વારા આશ્રવોના દ્વારોને બંધ કરીને સ્થિર બનેલું જીવાત્મારૂપી વહાણ પ્રાજ્ઞપુરુષોના વાક્યોમાં શ્રદ્ધારૂપ ઝળકી રહેલા સઢથી સજ્જ બનીને, શુદ્ધ યોગરૂપી હવાના સહારે સહારે તરીને નિર્વાણપુરી (મોક્ષ) સુધી પહોંચી જાય છે. ।।૫।।

अष्टभावना-गीत

(राग . शिवरंजनी)

श्रृणु शिवसुखसाधनसदुपायम्,
सदुपायं रे सदुपायम्
श्रृणु शिवसुखसाधन सदुपायम्, ।
ज्ञानादिकपावनरत्नत्रय-परमाराधनमनपायम् ।।१।।
श्रृणु.

ચેતન,

તું શિવસુખના સાધનરૂપ સદુપાયો... સુંદર ઉપાયોને સાંભળ. જ્ઞાન-દર્શન-ચારિત્રની ઉત્કૃષ્ટ આરાધનારૂપ એ ઉપાયો અવશ્યમેવ ફળ આપનારા છે. એને તું ધ્યાનથી સાંભળ. ॥૧॥

विषयविकारमपाकुरुदूरम्,
क्रोध मानं सहमायम् ।
लोभरिपुं च विजित्य सहेलम्,
भज संयमगुणमकषायम् ॥२॥ श्रृणु.

વિષયોના વિકારોને દૂર કર. ક્રોધ, માન, માયા અને લોભરૂપી શત્રુઓ પર સહજ રીતે વિજય મેળવીને, કષાયમુક્ત બનીને જલ્દીથી સંયમગુણની આરાધના કર. ॥૨॥

उपशमरसमनुशीलय मनसा,
रोषदहनजलदप्रायम् ।
कलय विरागं धृतपरभागम्,
हृदि विनयं नायं नायम् ॥३॥ श्रृणु.

ક્રોધરૂપી આગરે બુઝાવવા માટે લગભગ વાદળા જેવા ઉપશમ ભાવનું તું વારેવારે ચિંતન કર. વૈરાગ્યની ઉત્કૃષ્ટ દશાને ઓળખવા પ્રયત્ન કર. ॥૩॥

आर्तं रौद्रं ध्यानं मार्जय,

दह विकल्परचनाऽनायम् ।

यदियमरुद्धा मानसवीथी,

तत्त्वविदः पन्था नाऽयम्, ॥४॥ श्रृणु.

વિકલ્પોના જાળાંને જલાવીને આર્ત-રૌદ્ર ધ્યાનને વાળી ઝૂડી નાંખ. તત્વના અર્થીઓ માટે માનસિક વિકલ્પોને ઉધ્ધોડનારો પંથ બરાબર નથી ! (એનાથી તું દૂર રહે). ॥૪॥

संयमयोगैरवहितमानस-शुद्धया

चरितार्थय कायम् ।

नानामतरुचिगहने भुवने,

निश्चिनु शुद्धपथं नायम् ॥५॥ श्रृणु.

સજગતાભરી માનસિક શુદ્ધિ સાથેના સંયમ યોગોથી તું તારા શરીરને સાર્થક કર. વિશ્વ તો મત મતાંતરો અને માન્યતાઓના ગીચ જંગલ જેવું છે. એમાં તું તારો શુદ્ધ માર્ગ નિશ્ચિત કર. ॥૫॥

ब्रह्मव्रतमङ्गीकुरु विमलम्,

बिभ्राणं गुणसमवायम् ।

उदितं गुरुवदनादुपदेशम्,

सङ्गृहाण शुचिमिव रायम् ॥६॥ श्रृणु.

પવિત્ર, - નિર્મળ બ્રહ્મચર્ય વ્રતને સહજ રીતે તું ધારણ કર. ગુણોના દરિયારૂપ ગુરુદેવના શ્રીમુખથી નીકળતા વચનોને તું સારી રીતે ગ્રહણ કર. ||૬||

संयमवाङ् मयकुसुमरसैरति-
सुरभय निजमध्यवसायम् ।
चेतनमुपलक्षय कृतलक्षण-
ज्ञानचरणगुणपर्यायम् ॥७॥ श्रृणु.

સંયમ અને શાસ્ત્રરૂપી ફૂલોથી તું તારા મન - પરિણામને મઘમઘતા રાખ. જ્ઞાન-ચારિત્ર વગેરે ગુણોના પર્યાયરૂપ ચેતનને (આત્મ સ્વરૂપને) સારી રીતે ઓળખી લે. ||૭||

वदनमलङ् कुरु पावनरसनम्,
जिनचरितं गायं गायम् ।
सविनय शान्तसुधारसमेनम्,
चिरं नन्द पायम् ॥८॥ श्रृणु.

જિનેશ્વરોના જીવન-કવનને ગાઈ ગાઈને તારા મોંઢાને અલંકૃત કર. તારી જિહ્વાને પવિત્ર કર. વિનય સાથે શાંતરસનું વારંવાર પાન કરીને દીર્ઘ સમય પર્યંત આનંદને પ્રાપ્ત કર. ||૮||

९-निर्जराभावना-श्लोको

(इंद्रवज्रा छन्दः)

यन्निर्जरा द्वादशधा निरुक्ता,
तद् द्वादशानां तपसां विभेदात् ।
हेतुप्रभेदादिहक कार्यभेदः
स्वातन्त्र्यतस्त्वेकविधैव सा स्यात् ॥१॥

બાર પ્રકારના તપના ભેદના કારણે નિર્જરા પણ બાર પ્રકારની બતાવાઈ છે. ઉપાયો જુદા જુદા હોવાથી અહીં ભેદ દેખાય છે, બાકી કાર્યરૂપે તો નિર્જર એક જ પ્રકારની છે. ॥૧॥

(अनुष्टुप छन्दः)

काष्ठोपलादिरूपाणां, निदानानं विभेदतः ।
वह्निर्यथैकरूपोऽपि, पृथग्रूपो विवक्ष्यते ॥२॥

અગ્નિ એક જ જાતનો હોવા છતાં તેને ઉત્પન્ન કરનાર લાકડા, ચકમક વગેરેના કારણે અગ્નિને પણ અલગ અલગ રીતે ઓળખવામાં આવે છે. ॥૨॥

(अनुष्टुप छन्दः)

निर्जरापि द्वादशधा, तपोभेदैस्तथोदिता ।
कर्मनिर्जरणात्मा तु, सैकरूपैव वस्तुतः ॥३॥

એ જ રીતે તપના ભેદને લીધે નિર્જરા બાર પ્રકારની હોય છે. પણ કર્મને નષ્ટ કરવાના કાર્યરૂપે તો તે એક જ પ્રકારની હોય છે. ॥૩॥

(उपजाति छन्दः)

निकाचितानामपि कर्मणां यद्,
गरीयसां भूधरदुर्धराणाम् ।
विभेदने वज्रमिवातितीव्रम्,
नमोऽस्तु तस्मै तपसेऽद्भुताय ॥४॥

મોટા મોટા પર્વતોને ભેદવામાં વજ્રની જેમ સક્ષમ તપના સહારે નિકાચિત કર્મો પણ નાશ પામે છે. એવા અદ્‌ભૂત પ્રભાવશાળી તપને નમસ્કાર થાઓ. ॥૪॥

(उपजाति छन्दः)

किमुच्यते सत्तपसः प्रभावः,
कठोरकर्मार्जितकिल्बिषोऽपि ।
दृढप्रहारीव निहत्य पापम्,
यतोऽपवर्गं, लभतेऽचिरेण ॥५॥

સમીચીન તપના પ્રભાવ માટે શું કહેવું ? દઢપ્રહારી જેવા મહાપાપી-હત્યારાના પાપોને પણ અલ્પ સમયમાં નષ્ટ કરીને મોક્ષ આપી દે છે ! ॥૫॥

(उपजाति छन्दः)

यथा सुवर्णस्य शुचिस्वरूपम्,
दीप्तः कृशानुः प्रकटीकरोति ।
तथात्मनः कर्मरजो निहत्य,
ज्योतिस्तपस्तद्विशदीकरोति ॥६॥

અગ્નિ જેમ સોનાનું નિર્મળ સ્વરૂપ પ્રગટ કરે છે. તેમ તપ આત્મા પર જામેલો કર્મરૂપી કચરો દૂર કરીને એના શુદ્ધ સ્વરૂપને જાજ્જવલ્યમાન બનાવે છે. ॥૬॥

(स्रग्धरा)

बाह्येनाभ्यन्तरेण प्रथितबहुभिदा
जीयते येन शत्रु-
श्रेणी बाह्यान्तरङ्गा
भरतनृपतिवद्भावलब्धद्रढिम्ना ।
यस्मात्प्रादुर्भवेयुः
प्रकटितविभवा लब्धयः सिद्धयश्च
वन्दे स्वर्गापवर्गार्पणपटु सततं
तत्तपो विश्ववन्द्यम् ॥७॥

જે તપના બાહ્ય અને આભ્યંતર ભેદો છે. જે તપ આંતર-બાહ્ય શત્રુઓની ફોજને ભરત ચક્રવર્તીની જેમ ભાવનાયુક્ત દૃઢતાથી જીતી લે છે. અને જેનાથી લોકો જોઈ શકે એવી સિદ્ધિઓ - વૈભવો આવી મળે છે, સ્વર્ગ અને મોક્ષને આપવામાં સક્ષમ એવા વિશ્વ માટે વંદનીય તપને હું નમું છું. ॥૭॥

नवमभावना-गीत

(राग : सारंग)

विभावय विनय तपोमहिमानम्,
बहुभवसंचितदुष्कृतममुना,
लभते लघु लघिमानम् ॥१॥ विभा.

હે વિનય.....

તું સારી રીતે તપના મહિમાનું ચિંતન કર ! જેનાથી જન્મોજન્મના એકઠા કરેલા પાપો એકદમ ઓછા થઈ જાય છે ! ॥૧॥

याति घनाऽपि घनाघनपटली,
खरपवनेन विरामम् ।
भजति तथा तपसा दुरिताली,
क्षणभङ्गुरपरिणामम् ॥२॥ विभा.

વાદળાઓનો સમૂહ ગમે એટલો ઘનઘોર ઘેરાયો હોય પણ આંધી બનીને ત્રાટકતા પવનથી એ વેરવિખેર બની જાય છે. તેમ પાપોની પંક્તિઓ પળભરમાં તપશ્ચર્યાના તેજથી બળીજળી જાય છે. ॥૨॥

वाञ्छितमाकर्षति दूरादपि
रिपुमपि व्रजति वयस्यम् ।
तप इदमाश्रय निर्मलभावा-
दागमपरमरहस्यम् ॥३॥ विभा.

તપનો પ્રભાવ દૂર રહેલા મનાવંછિતને પાસે ખેંચી લાવે છે, દુશ્મનને દોસ્ત બનાવી દે છે, આ તપ તો જિનાગમના પરમ રહસ્યરૂપ છે. સારભૂત છે. એ તપને સાચા દિલથી અપનાવી લે. ॥૩॥

अनशनमूनोदरतां वृत्ति-
ह्रासं रसपरिहारम् ।
भज सांलीन्यं कायक्लेशम्,
तप इति बाह्यमुदारम् ॥४॥ विभा.

૧. અનશન, ૨. ઉણોદરી, ૩. વૃત્તિસંક્ષેપ, ૪. રસ ત્યાગ, ૫. સંલીનતા અને ૬. કાયક્લેશ. આ પ્રમાણે બાહ્યતપ છે. ॥૪॥

प्रायश्चितं वैयावृत्त्यम्,
स्वाध्यायं विनयं च ।
कायोत्सर्गं शुभध्यानम्,
आभ्यन्तरमिदमं च ॥५॥ विभा.

૧. પ્રાયશ્ચિત્ત, ૨. વૈયાવચ્ચ, ૩. સ્વાધ્યાય, ૪. વિનય, ૫. કાયોત્સર્ગ અને ૬. શુભ ધ્યાન - આ આભ્યંતર તપના પ્રકાર છે. ॥૫॥

शमयति तापं गमयति पापम्,
रमयति मानसहंसम् ।
हरति विमोहं दूरारोहं, तप इति
विगताशंसम् ॥६॥ विभा.

તપના તેજથી તાપ શમે છે. પાપ વિરમે છે. મન - હંસને ક્રીડા કરાવે છે. અરે, અજેય ગણાતા મોહને પણ આ તપ દૂર કરી દે છે. ॥૬॥

संयमकमलाकार्मणमुज्ज्वल-
शिवसुखसत्यङ्कारम् ।
चिन्तितचिन्तामणि-माराधय
तप इह वारंवारम् ॥७॥ विभा.

તપ એ સંયમલક્ષ્મીનું સાચું વશીકરણ છે. નિર્મળ એવા મોક્ષસુખ માટે વચનરૂપ છે. મનવાંછિત પૂરનાર ચિંતામણી રત્ન છે. માટે તું એનું વારંવાર આરાધન કર. ॥૭॥

कर्मगदौषधमिदमिदमस्य च,
जिनपतिमतमनुपानम् ।
विनय समाचर सौख्यनिधानम्,
शान्तसुधारसपानम् ॥८॥ विभा.

આ તપ કર્મરૂપી રોગો માટે ઔષધ સમાન છે અને જિનેશ્વરોની આજ્ઞા એ ઔષધ સાથેનું અનુપાન છે. સર્વ સુખોના નિધાનરૂપ શાંતસુધાના રસનું તું પાન કર.

१०-धर्मभावना-श्लोका

(उपजाति छन्दः)

दानं च शीलं च तपश्च भावो,
धर्मश्चतुर्धा जिनबान्धवेन ।
निरूपितो यो जगतां हिताय,
स मानसे मे रमतामजस्त्रम् ॥१॥

જગતના હિત અને કલ્યાણ માટે જિનેશ્વર ભગવંતોએ દાન, શીલ, તપ તથા ભાવ - આ પ્રમાણે ચાર પ્રકારનો ધર્મ બતાવ્યો છે. એ ધર્મ મારા હૃદયમાં નિરંતર વસી રહો. ॥૧॥

(उपजाति छन्दः)

सत्यक्षमामार्दवशौचसङ्गत्यागाऽ-
ऽर्जवब्रह्मविमुक्तियुक्तः ।
यः संयमऽकिञ्चतपोवगूढ-
श्चरित्रधर्मो दशधाऽयमुक्तः ॥२॥

૧. સત્ય, ૨. ક્ષમા, ૩. માર્દવ, ૪. શૌચ, ૫. સંગત્યાગ, ૬. આર્જવ, ૭. બ્રહ્મચર્ય, ૮. મુક્તિ, ૯. સંયમ, અને ૧૦. તપ - આપ્રમાણે દસ પ્રકારનો ચારિત્ર ધર્મ બતાવ્યો છે. ॥૨॥

(उपजाति छन्दः)

यस्य प्रभावादिह पुष्पदन्तौ,
विश्वोपकाराय सदोदयेते ।
ग्रीष्मोष्मभीष्मामुदितस्तडित्वान्,
काले समावासयति क्षितिं च ॥३॥

ધર્મના પ્રભાવથી સૂર્ય અને ચંદ્ર આ વિશ્વ ઉપર ઉપકાર કરવા માટે દરરોજ ઊગે છે અને કાળજાળ તાપથી સંતપ્ત બનેલી ધરાને ઉચિત સમયે વીજળીના તડતડાટ સાથે મેઘ આવીને શીતળતા આપે છે. ॥૩॥

(उपजाति छन्दः)

उल्लोलकल्लोलकलाविलासैर्न
प्लावयत्यम्बुनिधिः क्षितिं यत् ।
न घ्नन्ति यद्व्याघ्रमरुद्दवाद्या,
धर्मस्य सर्वोऽप्यनुभाव एष : ॥४॥

ઉછળતો અને ઉભરતો દરિયો આખી પૃથ્વીને પોતાના આગોશમાં ડૂબાડી નથી દેતો. વાઘ, સિંહ વગેરે હિંસ્ત્ર પશુઓ અને વાવાઝોડાં, દાવાનળ વગેરે માણસજાતને ભરખી નથી જતા, એ બધો ધર્મનો પ્રભાવ છે. ॥૪॥

(शार्दूलविक्रीडित छन्दः)

यस्मिन्नैव पिता हिताय यतते,
भ्राता च माता सुतः
सैन्यं दैन्यमुपैति चापचपलम्,
यत्राऽफलं दोर्बलम् ।

तस्मिन् कष्टदशाविपाकसमये,
धर्मस्तु संवर्मितः
सज्जः सज्जन एष
सर्वजगत-स्त्राणाय बद्धोद्यमः ॥५॥

જ્યારે માતા, પિતા, ભાઈ-બહેન બધાજ મોઢું ફેરવી લે, પોતાના જ સૈનિકો-માણસો દીન-હીન બની જાય, ધનુષ્ય બાણ ઉઠાવનારના હાથ હેઠા પડી જાય, એવા કપરા સમયે કષ્ટભરી દશામાં પણ સજ્જ બનીને ધર્મ આખી દુનિયાનું રક્ષણ કરતા તૈયાર રહે છે. ॥૫॥

(शादूर्लविक्रीडित छन्दः)

त्रैलोक्यं सचराचरं विजयते
यस्य प्रसादादिदम्,
योऽत्राऽमुत्र हितावहस्तनुभृतां
सर्वार्थसिद्धिप्रदः ।
येनानर्थकदर्थना निजमहः
सामर्थ्यतो व्यर्थिता
तस्मै कारुणिकाय धर्मविभवे,
भक्तिप्रणामोऽस्तु मे ॥६॥

જે ધર્મના પ્રભાવથી ચલ અને અચલ વસ્તુઓથી યુક્ત ત્રણે લોક વિજયી બને છે. જે ધર્મ પ્રાણીઓને આ ભવ, પરભવમાં હિતકર બનીને સર્વ કાર્યોની સિદ્ધિ આપે છે અને જે ધર્મ પોતાના પ્રભાવથી અનેક અનર્થોની પીડાને ટાળી દે છે. એવા મહાકરુણામય ધર્મ વૈભવને મારો ભક્તિભાવભર્યો નમસ્કાર થાઓ. ॥૬॥

(मंदाक्रांता छन्दः)

प्राज्यं राज्यं सुभगदयिता,
नन्दना नन्दनानाम्,
रम्यं रूपं सरसकविता-
चातुरी सुस्वरत्वम् ।
नीरोगीत्वं गुणपरिचयः
सज्जनत्वं सुबुद्धि
किं नु ब्रूमः फलपरिणतिम्,
धर्मकल्पद्रुमस्य ॥७॥

ધર્મ તો કલ્પવૃક્ષ છે ! એ બધું જ આપે છે. મહાન્ સામ્રાજ્ય, સૌભાગ્યશીલ પત્ની, પુત્ર-પૌત્રોથી ભર્યોભર્યો પરિવાર, જનપ્રિયતા, સુંદરતા, કાવ્યશક્તિ, ચાતુરી, વક્તૃત્વ, નિરોગિતા, ગુણગ્રાહકતા, સજ્જનત્વ, સુંદર બુદ્ધિ, આવો તો કેટલા ફળ કહીએ ॥૭॥ ?

दशमभावना-गीत

(राग: सोहिनी)

पालय पालय रे

पालय मां जिनधर्म ।

मङ्गलकमलाकेलिनिकेतन,

करुणाकेतन धीर ।

शिवसुखसाधन भवभयबाधन,

जगदाधार गम्भीर, ॥१॥ पालय.

ઓ જિનેશ્વરો દ્વારા કથિતધર્મ ! તું મારું પાલન કર ! મારો ઉદ્ધાર કર ! મંગલમયી ક્રીડાઓના સ્થાનરૂપ, કરૂણાથી સભર, ધૈર્યવાન, મુક્તિસુખના સાધનરૂપ, સંસારના ભયોને દૂર કરનાર જગતના આધારરૂપ ધીર-ગંભીર ધર્મ ! તું મારું પાલન કર ! ॥૧॥

सिञ्चति पयसा जलधरपटली,

भूतलममृतमयेन ।

सूर्याचन्द्रमसावुदयेते,

तव महिमातिशयेन ॥२॥ पालय.

તારા પ્રભાવથી પાણીથી લચેલા વાદળાઓ પૃથ્વીને ભીંજવે છે. સિંચે છે. સૂર્ય-ચંદ્ર ઉગે છે. પ્રકાશ આપે છે.॥૨॥

निरालम्बमियमसदाधारा,
तिष्ठति वसुधा येन ।
तं विश्वस्थितिमूलस्तम्भम्,
त्वां सेवे विनयेन ॥३॥ पालय.

તારા મહિમાથી જે કોઈ પણ જાતના આધાર વગર આ પૃથ્વી સ્થિર રહી છે. વિશ્વની સ્થિતિના મૂળ સ્તંભરૂપ ધર્મને હું વિનયપૂર્વક સ્વીકારું છું. ॥૩॥

दानशीलशुभभावतपोमुख-
चरितार्थीकृतलोक ।
शरणस्मरणकृतामिह भविनाम्,
दूरीकृतभयशोक ॥४॥ पालय.

જે પ્રાણીઓ ધર્મનું શરણ કે સ્મરણ કરે એ બધાને દાન, શીલ, શુભભાવ તપ વડે કૃતાર્થ કરે છે અને બધા જ ભયો તથા શોકને દૂર કરનાર આ ધર્મ છે. ॥૪॥

क्षमासत्यसंतोषदयादिक-
सुभगसकलपरिवार ।
देवासुरनरपूजितशासन-
कृतबहुभवपरिहार ॥५॥ पालय.

ધર્મનો પરિવાર ક્ષમા, સત્ય, સંતોષ દયાથી ભર્યો ભર્યો છે. ધર્મ-સાસન અસુરો અને માનવોથી પૂજિત છે. આ ધર્મ અનેક ભવ પરંપરાને તોડનાર છે. ॥૫॥

बन्धुरबन्धुजनस्य दिवानिश-
मसहायस्य सहायः ।
भ्राम्यति भीमे भवगहनेङ्गी,
त्वां बान्धवमपहाय ॥६॥ पालय.

જેનું કોઈ નથી. એનો સહાયક આ ધર્મ છે. રાતદિવસ બધાને આશ્રય આપનાર છે. હે ધર્મ ! તારા સરખા સહાયકને તજીને પ્રાણી ભીષણ ભવ-વનમાં ભટકી જાય છે. ॥૬॥

द्रङ्गति गहनं जलति कृशानुः,
स्थलति जलधिरचिरेण ।
तव कृपयाखिलकामित-
सिद्धिर्बहुना किं नु परेण, ॥७॥ पालय.

ધર્મ ! તારી કૃપાથી ભયંકર જંગલો નગરમાં બદલાઈ જાય. અગ્નિ પાણી બની જાય. મોટો દરિયો સપાટ જમીન બની જાય. તારી કૃપાથી બધી જ મનોકામનાઓ પૂર્ણ થાય છે. બીજાનું હવે મારે કંઈ કામ નથી ! ॥૭॥

इह यच्छसि सुखमुदितदशाङ्गम्
प्रेत्येन्द्रादिपदानि ।
क्रमतो ज्ञानादीनि च वितरसि,
निःश्रेयससुखदानि ॥८॥ पालय.

આ જન્મમાં તું દશ પ્રકારનું સદૈવ વધતું સુખ આપે છે. આવતા જન્મમાં ઈન્દ્ર વગેરે મહાન્ પદવી આપે છે અને અનુક્રમે મોક્ષ સુખના સાધનરૂપ જ્ઞાન વગેરે ગુણો પણ આપે છે. ॥૮॥

सर्वतन्त्रनवनीत सनातन,
सिद्धिसदनसोपन ।
जय जय विनयवतां प्रतिलम्भित-
शान्तसुधारसपान ॥९॥ पालय.

બધા જ તંત્રોનું નવનીત-માખણ રૂપ, મુક્તિ મંદિરે પહોંચવા માટે પગથિયારૂપ....વિનયી પુરુષોને સહજ પ્રાપ્ય શાંત અમૃતના પાનરૂપ ધર્મ ! તારો વિજય હો ! ॥૯॥

लोकस्वरुपभावना-श्लोकाः

(शालिनी छन्दः)

समाधोऽधो विस्तृता याः

पृथिव्यस्छत्राकाराः सन्ति रत्नप्रभाद्याः ।

ताभिः पूर्णो योऽस्त्यधोलोक एतौ,

पादौ यस्य व्यायतौ सप्तरज्जू ॥१॥

એક બીજાની નીચે રહેલી, અત્યંત વિસ્તૃત, છત્રાકાર જે રત્નપ્રભા વગેરે ભૂમિઓ છે, તેનાથી અધોલોક વ્યાપ્ત છે. એ લોકપુરુષના બે પહોળા પગની વચ્ચેની સાત રાજલોક જેટલી જગ્યામાં એ નરકભૂમિઓ આવેલી છે.॥૧॥

(शालिनी छन्दः)

तिर्यग्लोको विस्तृतो रज्जुमेकाम्,

पूर्णो द्वीपैरर्णवान्तैरसङ्ख्यैः ।

यस्य ज्योतिश्चक्रकाञ्चीकलापम्,

मध्ये कार्श्यं श्रीविचित्रं कटित्रम ॥२॥

તિર્યક્ (મધ્યલોક-મર્ત્યલોક) વિસ્તાર એક રજ્જુના માપનો છે. એમાં અસંખ્ય દ્વીપ-સમુદ્રો સમાયેલા છે. જ્યોતિષચક્ર એમાં સુંદર કટિસૂત્ર-કંદોરાનું સ્થાન લે છે. લોકપુરુષનો એ કટિપ્રદેશ અત્યંત પાતળો અને સુશોભિત છે. ॥૨॥

(शालिनी छन्दः)

लोकोऽथोर्ध्वे ब्रह्मलोके द्युलोके,
यस्य व्याप्तो कूर्परो पञ्चरज्जू,
लोकस्याऽन्तो विस्तृतो रज्जुमेकाम्,
सिद्धज्योतिश्चित्रको यस्य मौलिः ॥३॥

એના ઉપરના ભાગે ઉર્ધ્વલોક-દેવલોકમાં બ્રહ્મ દેવલોક પાસે (લોક પુરુષની) બે કોણીઓનો વિસ્તાર પાંચ રજ્જુ પ્રમાણે થાય છે. એના ઉપર એક રજ્જુ પછી લોકાન્ત આવે છે કે જેના શીર્ષસ્થાને સિદ્ધ પરમાત્માની જ્યોતિ બિરાજમાન છે. ॥૩॥

(शालिनी छन्दः)

यो वैशाखस्थानकस्थायिपादः
श्रोणीदेशे न्यस्तहस्तद्वयश्च ।
कालेऽनादौ शश्वदूर्ध्वदमत्वाद्,
बिभ्राणोऽपि श्रान्तमुद्रामखिन्नः ॥४॥

જેણે (લોકપુરુષે) પોતાના બે પગ પહોળા કરીને જમીન પર દઢપણે ટેકવ્યા છે. પોતાની કમર પર બંને હાથ મૂક્યા છે. અને જે અનાદિકાળથી એક સરખી રીતે એકદમ સીધો ઊભો રહેલો હોવા છતાં, મુખમુદ્રા પર થાક વર્તાતો હોવા છતાં પોતાની જાત પણ નિયંત્રણ હોવાના કારણે ખિન્નતા દર્શાવતો નથી. ॥૪॥

(शालिनी छन्दः)

सोऽयं ज्ञेयं पुरुषो लोकनामा,
षड्द्रव्यात्माऽकृत्रिमोऽनाद्यनन्तः ।
धर्माधर्माकाशकालात्मसंज्ञैर्द्रव्यैः,
पूर्णः सर्वतः पुद्गलैश्च ॥५॥

આને 'લોકપુરુષ' સમજવો. એ છ દ્રવ્યરૂપ છે, અકૃત્રિમ છે. આદિ-અંત રહિત છે. એ ચારે બાજુથી ધર્મ-અધર્મ આકાશ, કાળ, આત્મા-જીવો, પુદ્ગલ વગેરે દ્રવ્યોથી ખચોખચ ભરેલો છે. ॥૫॥

(शालिनी छन्दः)

रङ्गस्थानं पुद्गलानां नटानाम्,
नानारूपैर्नृत्यतामात्मनां च ।
कालोद्योगस्वस्वभावादिभावैः,
कर्मोतोद्यैर्नर्तितानां नियत्या ॥६॥

પોતાના ભિન્ન ભિન્ન રૂપો લઈને કાળ, ઉદ્યોગ, પુરુષાર્થ, સ્વભાવ, નિયતિ અને કર્મરૂપી વાજિંત્રોના તાલે નાચતા પુદ્ગલો અને નાટક કરતા જીવો માટે એ રંગમંડપ છે. નાટ્યશાળા છે. ॥૬॥

(शालिनी छन्दः)

एवं लोको भाव्यमानो विविक्तया,
विज्ञानां स्यान् मानसस्थैर्यहेतुः
स्थैर्यं प्राप्ते मानसे चात्मनीना,
सुप्राप्यैवाध्यात्मसौख्यप्रसूतिः ॥७॥

આવી રીતે લોકપુરુષનું ચિંતન જો વિવિધ દૃષ્ટિકોણથી કરવામાં આવે તો મનની સ્થિરતામાં સહાયક બને છે અને મનની સ્થિરતા જો મળી ગઈ તો અધ્યાત્મસુખનો પ્રાદુર્ભાવ સહેલાઈથી થઈ શકશે ! ॥૭॥

एकदश भावना : गीत

(राग : मालकौस)

विनय विभावय शाश्वतम्,
हृदि लोकाकाशम् ।
सकल चराचरधारणे,
परिणमदवकाशम् ॥१॥ विनय.

હે વિનય !

તારા હૃદયમાં તું શાશ્વત્ લોકાકાશનું ચિંતન કર. એ લોકાકાશ બધા ચલ-અચલને ધારણ કરનાર હોવાથી દ્રવ્ય તરીકે આશ્રય આપે છે. ॥૧॥

लसदलोकपरिवेष्टितम्, गणनातिगमानम् ।
पञ्चभिरपि धर्मादिभिः, सुघटितसीमानम् ॥२॥ विनय.

અલોકથી વીંટળાયેલો એ લોક દેદીપ્યમાન છે અને એના વિસ્તારની સીમા માપવી શક્ય જ નથી ! છતાંયે ધર્માસ્તિકાય વગેરે પાંચ દ્રવ્યોના સહારે એની સીમા નિશ્ચિત છે. ॥૨॥

समवघातसमये जिनैः, परिपूरितदेहम् ।
असुमदणुकविविधक्रिया-गुणगौरवगेहम् ॥३॥ विनय.

જયારે જિનેશ્વર અથવા સામાન્ય કેવળજ્ઞાની સમુદ્‌ધાત નામની ક્રિયા કરે ત્યારે એના આખા શરીરને ભરી દે છે. પ્રાણીઓ તથા પરમાણુઓની અનેકપ્રકારની ક્રિયાઓ અને તેના ગુણો માટે એ મંદિરરૂપ છે. ॥૩॥

एकरुपमपि पुद्गलैः
कृतविविधविवर्तम् ।
कांचन शैलशिखरोन्नतम्,
क्वचिदवनतगर्तम् ॥४॥ विनय.

એ લોકાકાશ એકરૂપ છે. છતાંયે પુદ્‌ગલો એના અનેક આકાર-ભેદો સર્જે છે. એ ક્યાંક મેરુપર્વતથી પણ ઉન્નત છે તો ક્યાંક ખાડામાં પણ ઉતરેલો છે. ॥૪॥

क्वचन तविषमणिमन्दिरै-रुदितोदितरूपम् ।
घोरतिमिरनरकादिभिः क्वचनातिविरुपम् ।।५।। विनय.

ક્યાંક વળી એ દેવતાઓના મણિમંદિરોથી ખૂબસૂરત બનીને દીપે છે, તો ક્યાંક ઘોર અંધકારથી વ્યાપ્ત નરક વગેરેથી અત્યંત બીભત્સ અને ઘૃણિત ભાસે છે. ।।૫।।

क्वचिदुत्सवमयमुज्ज्वलं जयमङ्गलनादम् ।
क्वचिदमन्दहाहारवम्, पृथुशोकविषादम् ।।६।। विनय.

કોઈ પ્રદેશમાં ઉત્સવના રંગમાં મસ્ત બનીને રહે છે, ક્યાંક વળી જયમંગલ નાદથી વ્યાપ્ત રહે છે. તો ક્યાંક એના પ્રદેશો મોટી ગર્જના કે અવાજોથી, નિસાસાઓ અને હાયથી ભરેલા હોય છે. શોક અને વિષાદથી વ્યાપ્ત છે. ।।૬।।

बहुपरिचितमनन्तशो, निखिलैरपि सत्त्वैः ।
जन्ममरणपरिवर्तिभिः, कृतमुक्तममत्वैः ।।७।। विनय.

જન્મમરણના ચકરાવે ચડેલા પ્રાણીઓએ અનંત વખત પરસ્પર અનેક પ્રકારના સંબંધો બાંધેલા હોય છે. એ સંબંધો બાંધ્યા છે અને તોડ્યા છે. ।।૭।।

इह पर्यटनपराङ्मुखाः, प्रणमत भगवन्तम् ।
शान्तसुधारसपानतो, धृतविनयमवन्तम् ।।८।। वियन.

તમે જો આ પરિભ્રમણથી થાક્યા હો તો જે ભગવાને

શાંત સુધારસના પાન દ્વારા વિનયવાન જીવોનું રક્ષણ કર્યું છે, એ ભગવાનને પ્રણામ કરો.

१२-बोधिदुर्लभभावना-श्लोकाः

(मंदाक्रांता छन्दः)

यस्माद्विस्मापयितसुमनः स्वर्गसम्पद्विलासाः
प्राप्तोल्लासाः पुनरपि जनिः सत्कुले भूरिभोगे ।
ब्रह्माद्वैतप्रगुणपदवीप्रापकंः निःसपत्नम्,
तद्दुष्प्रापं भृशमुरुधियः सेव्यतां बोधिरत्नम् ॥१॥

ઓ વિશાળ બુદ્ધિના ધારકો !

બોધિ રત્ન કે જેના પ્રભાવથી દેવલોકની વિસ્મયકારી સુખ-સંપત્તિ મળે છે, અનેક પ્રકારના ઉલ્લાસ-આનંદ પ્રાપ્ત થાય છે, પછીના જન્મોમાં ભાગ્યશાળી. ઉત્તમ કુળોમાં જન્મ મળે છે, અદ્વૈત બ્રહ્મની પ્રકૃષ્ટ પદવીને આપે છે, જે અદ્વિતીય અને દુષ્પ્રાપ્ય છે એ બોધિરત્ન (સમ્યક્ શ્રદ્ધા રૂપી રત્ન)ની ઉપાસના કરો ! ॥૧॥

(भुंजगप्रयात छन्दः)

अनादौ निगोदान्धकूपे
स्थिताना-मजस्त्रं जनुर्मृत्युदुःखार्दितानाम् ।
परिणामशुद्धिः कृतस्तादशी स्याद्,
यया हन्त तस्माद्विनिर्यान्ति जीवाः ॥२॥

નિગોદના અંધાર્યા કૂવામાં પડેલા અને જન્મમરણની ઘટમાળમાં દુઃખી-દુઃખી થઈ ગયેલા જીવોના ભાવોની એવી શુદ્ધિ ક્યાંથી થાય કે જેના વડે એઓ નિગોદમાંથી બહાર આવી શકે ? ॥૨॥

(भुजंगप्रयात छन्दः)

ततो निर्गतानामपि स्थावरत्वम्,
त्रसत्वं पुनर्दुर्लभं देहभाजाम् ।
त्रसत्वेऽपि पञ्चाक्षपर्याप्तसंज्ञि-
स्थिरायुष्यवद्दुर्लभं मानुषत्वम् ॥३॥

કદાચ એ સૂક્ષ્મ નિગોદમાંથી બહાર નીકળે તો એ પ્રાણીને બાદર સ્થાવરપણું મળે છે, પણ ત્રસપણું મળવું તો ઔર દુર્લભ હોય છે. ત્રસપણામાંયે પંચેન્દ્રિયપણું અને એય પર્યાપ્તિઓથી પૂર્ણ મળવું મુશ્કેલ છે. આગળ વધીને સંજ્ઞીપણું મળી જાય તો આયુષ્યની સ્થિરતા અને મનુષ્યજીવન મળવું બહું કઠિન છે. ॥૩॥

(भुजंगप्रयात छन्दः)

तदेतन्मनुष्यत्वमाप्यापि मूढो
महामोहमिथ्यात्वमायोपगूढः ।
भ्रमन् दूरमग्नो भवागाधगर्ते,
पुनः क्व प्रपद्येत तद्बोधिरत्नम् ॥४॥

મહાપુણ્યે મનુષ્યત્વ મેળવીને પણ આ મૂર્ખ પ્રાણી મહામોહ અને મિથ્યાત્વ, માયાકપટની જાળમાં અટવાઈ જાય છે. છેવટે આથડતો-કૂટાતો સંસારના મોટા અગાધ કૂવામાં વધુ ઊંડે ધકેલાઈ જાય છે. ॥૪॥

(शिखरिणी)

विभिन्नाः पन्थानः, प्रतिपदमनल्पाश्च मतिनः
कुयुक्तिव्यासङ्गैर्निजनिजमतोल्लासरसिकाः ।
न देवाः सांनिध्यं विदधति, न वा कोऽप्यतिशय-
स्तदेवं कालेऽस्मिन्, य इह दृढधर्मा स सुकृति ॥५॥

મતમતાંતરો અને જુદા જુદા માર્ગોનો રાફડો ફાટ્યો છે. ડગલેને પગલે ભટકાતા કહેવાતા બુદ્ધિશાળી માણસો જાતજાતના તર્ક-વિતર્ક કરીને પોતાના પંથે ખેંચે છે. અત્યારે કોઈ દેવો પણ સાન્નિધ્ય કે સહાય આપતા નથી કે કોઈ અતિશય-ચમત્કાર થતા નથી. આવા કપરા કાળમાં જે આત્મા ધર્મ પર સુદઢ શ્રદ્ધાવાળો હશે એ જ ભાગ્યશાળી હશે. ॥૫॥

(शार्दूलविक्रीडित छन्दः)

यावद्देहमिदं गदै र्न मृदितम्, नो वा जराजर्जरम्,
यावत्त्वक्षकदम्बकं स्वविषयज्ञानावगाहक्षमम् ।
यावच्चायुरभङ्गुरं निजहिते तावद्बुधैर्यत्यताम् ।
कासारे स्फुटिते जले प्रचलिते पालिः कथं बध्यते ॥६॥

જ્યાં સુધી આ શરીર વ્યાધિઓથી નંખાઈ નથી ગયું, જ્યાં સુધી વૃદ્ધાવસ્થા ઘેરી નથી વળી, જ્યાં સુધી ઇન્દ્રિયો પાતના વિષયોમાં સક્ષમ છે, મૃત્યુના ઓછાયાં ઉતરી નથી આવ્યા, ત્યાં સુધીમાં સમજુ અને શાણા માણસોએ પોતાના હિત માટે પ્રયત્નો કરી લેવા જોઈએ. સરોવરના પાણી ધસમસતા વહેવા માંડે પછી પાળ બાંધવાનો શો અર્થ છે ? ॥૬॥

(अनुष्टुप छन्दः)

विविधोपद्रवं देह-मायुश्च क्षणभङ्गुरम् ।
कामालम्ब्य धृतिं मूढैः, स्वश्रेयसि विलम्ब्यते ॥७॥

આ શરીર જાતજાતના ઉપદ્રવોનું ઘર છે. આયુષ્યનો જરીયે ભરોસો નથી. છતાંયે કોણ જાણે ક્યા પ્રકારનું આશ્વાસન મેળવીને મૂઢ આત્મા પોતાના હિત માટે આંખ મીંચામણા કરે છે ? ॥૭॥

व्दादशभावना-गीत

(राग : ललित)

बुध्यतां बुध्यतां बोधिरतिदुर्लभा,
जलधिजलपतितसुररत्नयुक्त्या ।
सम्यगाराध्यतां स्वहितमिह साध्यताम्,
बाध्यतामधरगतिरात्मशक्त्या ॥१॥ बुध्यतां.

તું બોધ પામ ! જાગૃત બન ! બોધિ ખૂબ જ દુર્લભ છે. દરિયાના ઊંડા પાણીમાં ખોવાઈ ગયેલા દૈવી રત્નની જેમ દુર્લભ બોધિનું તું સારી રીતે આરાધન કર. પોતાના હિતની સાધના કરી લે. અને તારી આત્મશક્તિના પ્રભાવથી નરક વગેરે ગતિઓના દ્વાર બંધ કરી દે. ॥૧॥

चक्रिभोज्यादिरिव नरभवो दुर्लभो,
भ्राम्यतां घोरसंसारकक्षौ ।
बहुनिगोदादिकायस्थितिव्यायते,
मोहमिथ्यात्वमुखचोरलक्षे ॥२॥ बुध्यतां.

મહાભયંકર સંસારરૂપી વન કે જે નિગોદ વગેરે કાયસ્થિતિના કારણે ખૂબ વિસ્તર્યું છે. એ જંગલમાં મોહ-મિથ્યાત્વ વગેરે લૂંટારાઓ વસે છે. એમાં ભટકતા ભટકતા, ચક્રવર્તીના ભોજનની જેમ મનુષ્યનો જન્મ મળવો અત્યંત દુર્લભ છે. ॥૨॥

लब्ध इह नरभवोऽनार्यदेशेषु यः,
स भवति प्रत्युतानर्थकारी ।
जीवहिंसादिपापाश्रवव्यसनिनाम्,
माघवत्यादिमार्गनुसारी ॥३॥ बुध्यतां.

સંસારમાં મનુષ્યજન્મ પણ જો અનાર્ય દેશમાં મળે તો એ નુકશાન કરનારું જ બને ! કારણ કે જીવહિંસા વગેરે તીવ્ર પાપોના કારણે એ લોકો માધવતી નામની નરક તરફ જનારા હોય છે. ॥૩॥

आर्यदेशस्पृशामपि सुकुलजन्मनाम्,
दुर्लभा विविदिषा धर्मतत्त्वे ।
रतपरिग्रहभयाहारसंज्ञार्तिभि-
र्हन्त ! मग्नं जगद्दुःस्थितत्वे, ॥४॥ बुध्यतां.

આર્યદેશમાં, ઉચ્ચકુળમાં જન્મેલા પ્રાણીને પણ ધર્મની જિજ્ઞાસા થવી ખૂબ મુશ્કેલ છે. મૈથુન, પરિગ્રહ, ભય અને આહારસંજ્ઞાની પીડાના વમળમાં ગોથા ખાતું આ જગત વિચિત્ર સ્થિતિનો શિકાર બને છે. ॥૪॥

विविदिषायामपि श्रवणमतिर्दुलभम्,
धर्मशास्त्रस्य गुरुसन्निधाने ।
वितथविकथादितत्तद्रसावेशतो,
विविधविक्षेपमलिनेऽवधाने, ॥५॥ बुध्यतां.

કદાચ ધર્મતત્વને સમજવાની ઇચ્છા જાગી તો ગુરુચરણોમાં બેસીને ધર્મશાસ્ત્રોનું શ્રવણ ક્યાં સુલભ છે ? કારણ કે ગલત ધારણાઓના શિકાર બનીને તથા વિકથાઓના ફંદામાં ફસાઈને જીવાત્મા વિષય-કષાયના આવેશથી ચિત્તની એકાગ્રતાને મલિન કરી નાંખે છે.।।પ।।

धर्ममाकर्ण्य सम्बुध्य तत्रोद्यमम्,
कुर्वतो वैरिवर्गाऽन्तरङ्गः ।
रागद्वेषश्रमालस्यनिद्रादिको,
बाधते निहतसुकृतप्रसङ्गः ।।६।। बुध्यतां.

ધર્મ સાંભળીને, સમજીને, એનાથી પ્રબુદ્ધ બનીને જ્યારે આત્મા ધર્મકાર્યમાં પ્રવૃત્ત બને છે ત્યારે રાગ, દ્વેષ, આળસ, શ્રમ, ઊંઘ વગેરે અંતરંગ દુશ્મનો આડા આવે છે અને સારા કાર્યો કરવાની તક સરી જાય છે. ।।૬।।

चतुरशीतावहो योनिलक्षेष्वियम्,
क्व त्वयाकर्णिता धर्मवार्ता ।
प्रायशो जगति जनता मिथो विवदते,
ऋद्धिरसशान्तगुरुगौरवार्ता ।।७।। बुध्यतां.

લાખ ચોરાશીના ફેરા ફરવામાં સારી વાતો કઈ જગ્યાએ તને સાંભળવા મળી છે ? મોટા ભાગે તો દુનિયાના ચોંતરે માનપાન, ખાનપાન અને આરામની વાતોમાં જ બધા મશગુલ રહે છે ।।૭।। !

एवमतिदुर्लभात्प्राप्य दुर्लभतमम्,
बोधिरत्नं सकलगुणनिधानम् ।
कुरुगुरुप्राज्यविनयप्रसादोदितम्
शान्तरससरसपीयूषपानम् ॥८॥ बुध्यतां.

આ રીતે અત્યંત દુર્લભથી પણ દુર્લભ એવા ગુણસંપન્ન બોધિરત્નને પ્રાપ્ત કરીને તને વિનયના અનુગ્રહથી, જે શાંતરસનું પીયૂષપાન સાંપડ્યું છે. તેનો યથાર્થ ઉપયોગ કર. ॥૮॥

१३-मैत्रीभावना-श्लोकाः

(अनुष्टुप छन्दः)

सद्धर्मध्यानसंध्यान-हेतवः श्रीजिनेश्वरैः ।
मैत्रीप्रभृतयः प्रोक्ताश्चतस्रो भावनाः पराः ॥१॥

તીર્થંકર ભગવંતોએ મૈત્રી વગેરે ચાર સુંદર ભાવનાઓ ધર્મધ્યાનના અનુસંધાન માટે દર્શાવી છે. ॥૧॥

(अनुष्टुप छन्दः)

मैत्रीप्रमोदकारुण्य-माध्यस्थ्यानि नियोजयेत् ।
धर्मध्यानमुपस्कर्तुम्, तद्धि तस्य रसायनम् ॥२॥

મૈત્રી-પ્રમોદ-કરૂણા અને માધ્યસ્થ્ય, આ ચાર ભાવનાઓને ધર્મધ્યાનની તૈયારી માટે પ્રાયોજિત કરવી. કારણ ભાવનામાં ઘૂંટાઈને ધર્મધ્યાન રસાયણ બને છે.॥૨॥

(उपजाति छन्दः)

मैत्री परेषां हितचिन्तनं
यद्-भवेत्प्रमोदो गुणपक्षपातः ।
कारुण्यमार्ताङ्गिरुजां
जिहीर्षे-त्युपेक्षण दुष्टधियामुपेक्षा ॥३॥

મૈત્રી :- બીજાના હિતની વિચારણા, પ્રમોદ : ગુણના પ્રત્યે આદર-અહોભાવ, કરૂણા : દુઃખી જીવોના દુઃખ દૂર કરવાની ભાવના, ઉપેક્ષા (માધ્યસ્થ્ય) : એટલે દુષ્ટ બુદ્ધિવાળા જીવો પ્રત્યે સમભાવ. ॥૩॥

(उपजाति छन्दः)

सर्वत्र मैत्रीमुपकल्पयात्मन्,
चिन्तयो जगत्यत्र न कोऽपि शत्रुः ।
कियद्दिनस्थायिनि जीवितेऽस्मिन्,
किं खिद्यते वैरिधिया परस्मिन् ॥१॥

ઓ આત્મા ! તું બધે જ તારી મૈત્રીનો વિસ્તાર કર ! જગતમાં કોઈને શત્રુ તરીકે ન માન. કેટલા દિવસ તારું જીવન અહીં સ્થિર છે ? તો પછી શા માટે દ્વેષબુદ્ધિને પંપાળીને સંતપ્ત બને છે ? ॥૧॥

(उपजाति छन्दः)

सर्वेऽप्यमी बन्धुतयानुभूताः,
सहस्रशोऽस्मिन् भवता भवाब्धौ ।
जीवास्तबन्धव एव सर्वे,
न कोऽपि ते शत्रुरिति प्रतिहि ॥२॥

સંસાર સમુદ્રના સફરમાં બધા પ્રાણીઓ સાથે હજારો વખત બંધુત્વના સંબંધો રચાયા છે. માટે બધા જીવો તારા બંધુ છે. કોઈ શત્રુ નથી. એ પ્રમાણે વિચાર કર ! ॥૨॥

(उपजाति छन्दः)

सर्वे पितृभ्रातृपितृव्यामातृ-
पुत्राङ्गजास्त्रीभगिनीस्नुषात्वम् ।
जीवाः प्रपन्ना बहुशस्तदेतत्कुटुम्बमेवेति
परो न कश्चित् ॥३॥

બધા જીવો અનેકવાર તારી સાથે પિતા, ભાઈ, કાકા, માતા, પુત્ર, પુત્રી પત્ની, બહેન, પુત્રવધૂ વગેરે સંબંધોથી સંકળાયેલા છે. આ બધા જીવોની દુનિયા તારું એક કુટુંબ જ છે. પછી કોઈ તારા શત્રુ નથી. એમ પ્રતીતિ રાખ.॥૩॥

(उपजाति छन्दः)

एकेन्द्रियाद्या अपि हन्त जीवाः,
पञ्चेन्द्रियत्वाद्यधिगम्य सम्यक् ।
बोधिं समाराध्य कदा लभन्ते,
भूयो भवभ्रान्तिभियां विरामम् ॥४॥

એકેન્દ્રિય વગેરે જીવો પણ પંચન્દ્રિયપણું મેળવીને, સુંદર રીતે ધર્મની આરાધના કરીને ભવભ્રમણના ભયથી ક્યારે મુક્ત બનશે ? (આવા વિચારો કર) ॥૪॥

(उपजाति छन्दः)

या रागद्वेषादिरुजो जनानाम्,
शाम्यन्तु वाक्कायमनोद्रुहस्ताः ।
सर्वेऽप्युदासीनरसं रसन्तु,
सर्वत्र सर्वे सुखिनो भवन्तु ॥५॥

પ્રાણીઓના મન-વચન-કાયાને અશુભમાં ખેંચી જનારી રાગ-દ્વેષ વગેરે વ્યાધિઓ શાંત બનો ! બધા પ્રાણીઓ ઉદાસીન ભાવ (સુખ દુઃખથી ઉપર ઉઠીને)ના રસાસ્વાદને માણે. સર્વત્ર બધા જીવો સુખી બનો. ॥૫॥

त्रयोदशभावना-गीत

(राग : बिहाग)

विनय विचिन्तय मित्रताम्,
त्रिजगति जनतासु ।
कर्मविचित्रतया गतिम्,
विविधां गमितासु ॥१॥ विनय.

વિનય !

કર્મની વિચિત્રતાનો શિકાર બનીને જુદી જુદી ગતિમાં ભટકતા ત્રણે લોકના જીવો પ્રત્યે તું મિત્રતાનું ચિંતન કર. ॥૧॥

सर्वे ते प्रियबान्धवाः,
न हि रिपुरिह कोऽपि ।
मा कुरु कलिकलुषं मनो,
निजसुकृतविलोपि ॥२॥ विनय.

બધા પ્રાણીઓ તારા મિત્ર છે. દુનિયામાં કોઈ તારો શત્રુ નથી. નાહક કલેશ-કંકાસને વશ થઈને મનને ખરાબ ન કર ! ખરાબ થયેલું મન તારા જ સત્કાર્યો પર પાણી ફેરવી દેશે ! ॥૨॥

यदि कोपं कुरुते परो, निजकर्मवशेन ।
अपि भवता किं भूयते, हृदि रोषवशेन ॥३॥ विनय.

માની લે, કોઈ માણસ પોતાના કર્મને પરવશ બનીને તારા પર કુપિત થાય તો તારે શા માટે ગુસ્સાને પરાધીન બનીને એવા બનવું જોઈએ ? ॥૩॥

अनुचितमिह कलहं सताम्,
त्यज समरसमीन ।
भज विवेककलहंसताम्,
गुणपरिचयपीन ॥४॥ विनय.

આ જગતમાં ક્લેશ કરવો એ કંઈ સારા માણસને શોભતું નથી ! તું તો સમતા રસના નીરમાં વિહરનાર મીન છે. ક્લેશને ત્યજી દે. ગુણોના સંસર્ગથી સમૃદ્ધ બનેલા ઓ ચેતન ! તું માન સરોવરના હંસની જેમ વિવેક બુદ્ધિવાળો બન ! ॥૪॥

शत्रुजनाः सुखिनः समे,
मत्सरमपहाय ।
सन्तु गन्तुमनसोऽप्यमी,
शिवसौख्यगृहाय ॥५॥ विनय.

શત્રુઓ પણ વૈર-વિરોધ છોડીને સમભાવને મેળવો અને સુખી બનો. એઓ પણ શાશ્વત્ સુખના ગૃહ તરફ જવા માટે રૂચિવાળા બનો. ॥૫॥

सकृदपि यदि समतालवम्,
हृदयेन लिहन्ति ।
विदितरसास्तत इह रतिम्,
स्वत एव वहन्ति ॥६॥ विनय.

એકવાર જો આત્મા ભાવથી, સમતારસનું આસ્વાદન કરી લે, પછી તો એના રસ ચાખીને એ પોતે જ સમત્વમાં ડૂબશે. ॥૬॥

किमुत कुमतमदमूर्च्छिता:,
दुरितेषु पतन्ति ।
जिनवचनानि कथं हहा,
न रसादुपयन्ति ॥७॥ विनय.

સમજાતું નથી ! પ્રાણીઓ ખોટા ખ્યાલ બાંધીને શા માટે પાપકર્મના ખાડામાં પડતા હશે ? શા માટે એમને તીર્થંકરના વચનોમાં રુચિ નહીં થતી હોય ? ॥૭॥

परमात्मनि विमलात्मना, परिणम्य वसन्तु ।
विनय समामृतपानतो, जनता विलसन्तु ॥८॥ विनय.

શુદ્ધ આત્માઓ પરમાત્મ ભાવમાં ડૂબીને રહો વિનયસભર
સમતા રસનું પાન કરીને જનતા આનંદિત બનો ! ॥૮॥

१४-प्रमोदभावना-श्लोकाः

(स्त्रग्धरा छन्दः)

धन्यास्ते वीतरागाः
क्षपकपथगतिक्षीणकर्मोपरागा-
स्त्रैलोक्ये गन्धनागाः
सहजसमुदितज्ञानजाग्रद्विरागा ।
अध्यारुह्यात्मशुद्ध्या
सकलशशिकलानिर्मलध्यानधारा-
मारान्मुक्तेः प्रपन्नाः
कृतसुकृतशतोपार्जितार्हन्त्यलक्ष्मीम् ॥१॥

તે વીતરાગ પરમાત્માને ધન્ય છે !

ક્ષપક શ્રેણીના માર્ગે ગતિ કરીને જેમણે કર્મોના મેલને ધોઈ નાંખ્યો છે, ત્રણલોકમાં જેઓ ગંધહસ્તી (શ્રેષ્ઠ હાથી) સમાન છે, જેમનામાં સહજ ભાવે રહેલા જ્ઞાનથી વૈરાગ્ય પ્રભાવ પ્રગટ્યો છે. જેઓ પૂર્ણિમાના પૂર્ણચંદ્રની કળા જેવા નિર્મળ ધ્યાનની ધારામાં આત્મવિશુદ્ધિ વડે આરોહણ કરીને, સેંકડો સુકૃતો સેવીને, અરિહંત પદની શ્રેષ્ઠ શોભાને મેળવીને મુક્તિની નિકટ પહોંચ્યા છે. ॥૧॥

(स्त्रग्धरा छन्दः)

तेषां कर्मक्षयोत्थैरतनुगुणगणैर्निर्मलात्मस्वभावै-
र्गायं गायं पुनीमः स्तवनपरिणतैरष्टवर्णास्पदानि-
धन्यां मन्ये रसज्ञां जगति भगवतस्त्रोत्रवाणीरसज्ञा-
मज्ञां मन्येतदन्यावितथजनकथाकार्यमौखर्यमग्नाम् ॥२॥

કર્મક્ષયથી ઉત્પન્ન થયેલા તેમના (વીતરાગના) અનેક ગુણોના સહારે નિર્મળ આત્મ-સ્વભાવના માધ્યમથી અમે એમનું વારંવાર ગાન કરીને અમારા આઠ ઉચ્ચાર સ્થાનોને પવિત્ર કરીએ છીએ. પરમાત્માના સ્તોત્રનું ગાન કરનારી જિહ્‌વા જ રસને જાણે છે. બાકી લોકોની વાતો કે ગામગપાટા કરનારી જિહ્‌વા રસજ્ઞ ના હોઈ શકે એમ હું માનું છું. ॥૨॥

(स्त्रग्धरा छन्दः)

निर्ग्रन्थास्तेऽपि धन्या गिरिगहनगुहागह्वरान्तर्निविष्टा
धर्मध्यानावधाना समरससुहिताः पक्षमासोपवासाः ।
येऽन्येऽपि ज्ञानवन्तः
श्रुतविततधियो दत्तधर्मोपदेशाः
शान्ता दान्ता जिताक्षा
जगति जिनपतेः शासनं भासयन्ति ॥३॥

પર્વતના શિખરે... એકાંત વન-પ્રદેશમાં, ગુફામાં કે બીહડ પ્રદેશોમાં, બેસીને ધર્મધ્યાનમાં લીન, સમતા રસમાં તૃપ્ત અને પંદર દિવસ મહીનાના ઉપવાસ કરનારા સાધુઓને પણ ધન્ય છે ! અન્ય જ્ઞાનવાન, શ્રુતપ્રજ્ઞાયુક્ત, ધર્મોપદેશ દેનારા, શાંત, જિતેન્દ્રિય અને જગતમાં જિનેશ્વરના શાસનની શાન વધારનારા સાધુઓને ધન્ય છે ! ॥૩॥

(स्त्रग्धरा छन्दः)

दानं शीलं तपो ये विदधति
गृहिणो भावनां भावयन्ति
धर्मं धन्याश्चतुर्धा
श्रुतसमुपचितश्रद्धयाराधयन्ति ।
साध्व्य श्राद्धयश्च धन्यां
श्रुतविशदधिया शीलमुद्भावयन्त्य-
स्तान्सर्वान्मुक्तगर्वाः
प्रतिदिनमसकृद्भाग्यभाजः स्तुवन्ति ॥४॥

જે ગૃહસ્થો દાન આપે છે. શીલવ્રત ધારણ કરે છે. તપ કરે છે. સુંદર ભાવનાઓ ભાવે છે. જ્ઞાનયુક્ત શ્રદ્ધાપૂર્વક ચારે પ્રકારના ધર્મને આરાધે છે. તેઓ ધન્ય છે ! સાધ્વીજીઓ અને શ્રાવિકાઓ કે જેઓ નિર્મળ જ્ઞાનયુક્ત શીલની શોભા ધારણ કરે છે. તેમને પણ ધન્ય છે ! આ બધાની સ્તવના ભાગ્યશાળી વ્યક્તિ વિનમ્ર બનીને દરરોજ કરે છે ! ॥૪॥

(उपजाति छन्दः)

मिथ्यादृशामप्युपकारसारम्,
संतोषसत्यादिगुणप्रसारम् ।
वदान्यता-वैनयिकप्रकारम्,
मार्गानुसारीत्यनुमोदयामः ॥५॥

મિથ્યાદષ્ટિ (વિધર્મી લોકો)માં પણ ઉપકાર વગેરે મુખ્ય ગુણો હોય, સંતોષ, સત્ય વગેરે ગુણોનો વિસ્તાર હોય. ઉદારતા હોય, વિનય હોય, એ બધા માર્ગાનુસારી ગુણોની પણ અમે અનુમોદના કરીએ છીએ. ॥૫॥

(स्त्रग्धरा छन्दः)

जिह्वे प्रह्वीभव त्वं
सुकृतिसुचरितोच्चारणे सुप्रसन्ना
भूयास्तामन्यकीर्तिश्रुतिरसिकतया
मेऽद्य कर्णौ सुकर्णौ ।
वीक्ष्यान्यप्रौढलक्ष्मीं द्रुतमुपचिनुतं
लोचने रोचनत्वं
संसारेऽस्मिन्नसारे फलमिति
भवतां जन्मनो मुख्यमेव ॥६॥

ઓ જિહ્વા ! તું સારી રીતે પ્રસન્ન બનીને ભાગ્યશાળી પ્રાણીઓના સુંદર ચરિત્રને પ્રશંસવામાં તત્પર બન. મારા કાન અન્યના યશને સાંભળીને આનંદ મેળવનાર સારા કાન બનો ! બીજાંની સુખ-સાહેબી જોઈને મારા નેત્રો પ્રફુલ્લિત બનો ! આ સંસારમાં આવા ભાવો એ જ જન્મની સાર્થકતા છે. મુખ્ય ફળ છે ! ॥૬॥

(उपजाति छन्दः)

प्रमोदमासाद्य गुणैः परेषां
येषां मतिर्मज्जति साम्यसिन्धौ ।
देदीप्यते तेषु मनःप्रसादो
गुणास्तथैते विशदीभवन्ति ॥७॥

બીજાના ગુણોથી આનંદિત થઈને જેમની પ્રજ્ઞા સમતાસાગરમાં લીન બને છે, એમના મનની પ્રસન્નતા ખૂબ શોભે છે. એમનામાં એ બધા ગુણો નિર્મળ બને છે.

चतुर्दशभावना-गीत

(राग : पीलु)

विनय विभावय गुणपरितोषम्,
विनय विभावय गुणपरितोषम् ।
निजसुकृताप्तवरेषु परेषु,
परिहर दूरं मत्सरदोषम् ॥१॥ विनय.

વિનય !

તું ગુણો તરફ અત્યંત આદરભાવ રાખ !

ઈર્ષ્યાભાવ છોડી દે ! જેમને પોતાના કર્મોના પરિણામે વિશેષતાઓ મળી છે, એમાં તું આનંદનો અનુભવ કર ! ॥૧॥

दिष्ट्यायं वितरति बहुदानम्,
वरमयमिह लभते बहुमानम् ।
किमिति न विमृशसि परपरभागम्,
यद्विभजसि तत्सुकृतविभागम, ॥२॥ विनय.

કેટલું સુંદર છે, કોઈ ભાગ્યશાળી દાન આપે છે અને દુનિયામાં માન મેળવે છે ! બીજાના ઉત્કૃષ્ટ ભાગ્ય માટે તું એવા વિચારો કેમ નથી કરતો કે તને પણ એમના સુકૃતમાં ભાગ મળે ! ॥૨॥

येषां मन इह विगतविकारम्,
ये विदधति भुवि जगदुपकारम् ।
तेषां वयमुचिताचरितानाम्,
नाम जपामो वारंवारम्, ॥३॥ विनय.

જે મહાપુરુષોના મન વિકારરહિત છે. આ જગતમાં રહીને જેઓ પરોપકાર કરે છે. આવા ઔચિત્યગુણવાળા મહાન પુરુષોના નામ અમે વારે વારે સ્મરીએ છીએ. ॥૩॥

अहह तितिक्षागुणमसमानम्,
पश्यत भगवति मुक्तिनिदानम् ।
येन रुषा सह लसदभिमानम्,
झटिति विघटते कर्मवितानम्, ॥४॥ विनय.

એક સહનશીલતા ગુણ જ એવો છે કે જેની સરખામણી બીજા ગુણ સાથે થઈ ના શકે ! મુક્તિ મેળવવાના પરમ સાધનરૂપ આ ગુણને તીર્થંકર પરમાત્મામાં જો ! ક્ષમા ગુણ દ્વારા ક્રોધ નાશ પામે અને વધતા કર્મોનું મૂળ પણ ઘટવા માંડે ! ॥૪॥

अदधुः केचन शीलमुदारम्,
गृहिणोऽपि हि परिहृतपरदारम् ।
यश इह सम्प्रत्यपि शुचि तेषाम्,
विलसति फलिताफलसहकारम्, ॥५॥
विनय.

કેટલાક ગૃહસ્થો પરસ્ત્રીનો ત્યાગ કરીને શ્રેષ્ઠ શીલવ્રતનું પાલન કરે છે. વાંઝિયા આંબાને પણ મહોરાવે એવો એમનો યશ આજેય સંસારમાં શોભે છે. ॥૫॥

या वनिता अपि यशसा साकम्,
कुलयुगलं विदधति सुपताकम् ।
तासां सुचरितसञ्चितराकम्,
दर्शनमपि कृतसुकृतविपाकम्, ॥६॥ विनय.

જે સ્ત્રીઓ પોતાના પિયર અને સાસરા બંને કુળને યશની ધજા પતાકાથી શણગારે છે. સચ્ચરિત્રયુક્ત તેમના દર્શન પણ સુકૃતના ફળરૂપ છે. એટલે કે ભાગ્યે મળે છે. ॥૬॥

तात्त्विकसात्त्विकसुजनवतंसाः,
केचन युक्तिविवेचनहंसाः ।
अलम कृषत किल भुवनाभोगम्,
स्मरणममीषां कृतशुभयोगम्, ॥७॥ विनय.

તત્ત્વના જાણનારા મહાપુરુષો, સાત્ત્વિક યોગી પુરુષો અને સજ્જનોમાં શ્રેષ્ઠ પુરુષો, જ્ઞાન આપવામાં વિશદ બુદ્ધિ ધરાવતા મહાપુરુષોએ આ જગતને દીપાવ્યો છે. એમનું નામ-સ્મરણ પણ શુભ યોગ બની જાય છે. ॥૭॥

इति परगुणपरिभावनसारम्,
सफलय सततं निजमवतारम् ।
कुरु सुविहितगुणनिधिगुणगानम्,
विरचय शान्तसुधारसपानम्, ॥८॥ विनय.

આ રીતે બીજાના ગુણોનું સ્મરણ-સંકીર્તન કરીએ એમાં આનંદ પામવો અને એનું ચિંતન કરવું એ રીતે જીવનને સફળ બનાવવું ! સુવિહિત ગુણોના નિધિના ગુણગાન સાથે શાંત સુધારસનું પાન તું કર્યા જ કર ! ॥૮॥

१५-कारुण्यभावना-श्लोकाः

(मालिनी छन्दः)

प्रथममशनपानप्राप्तिवांछाविहस्ता-
स्तदनु वसनवेश्मालङ्कृतिव्यग्रचित्ताः ।
परिणयनमपत्यावाप्तिमिष्टेन्द्रियार्थान्
सततमभिलषन्तः स्वस्थतां क्वाऽश्नुवीरन् ॥१॥

આ જગતના પ્રાણીઓ, ખાવા-પીવા, કપડાં, ઘર, ઘરેણા-અલંકારો વગેરે માટે વ્યગ્ર રહે છે. લગ્ન-સંબંધો, સંતતિ... અને અનુકૂળ સુખભોગ માટે વ્યાકુળ રહેતું મન સ્થિર બને જ કેવી રીતે ? ॥૧॥

(शिखरिणी छन्दः)

उपायानां लक्षैः कथमपि समासाद्य विभवं
भवाभ्यासात्तत्र ध्रुवमिति निबध्नाति हृदयम् ।
अथाकस्मादस्मिन् विकिरति रजः क्रूरहृदयो
रिपुर्वा रोगो वा भयमुत जरा मृत्युरथवा ॥२॥

ગમે તેવા ઉપાયો કરીને માણસ વૈભવ ભેગો કરે છે અને આદત મુજબ એને શાશ્વત્ સમજીને હૃદયથી એની સાથે જોડાઈ જાય છે. પણ ક્રૂર શત્રુ, રોગ, ભય કે ઘડપણ અથવા મૃત્યુ આ બધા ઉપર ધૂળ વિખેરી દે છે ! ॥૨॥

(स्त्रग्धरा छन्दः)

स्पर्धन्ते केऽपि केचिद्दधति
हृदि मिथो मत्सरं कोधदग्धा
युध्यन्ते केप्यरुद्धा
धनयुवतिपशुक्षेत्रपद्रादिहेतोः ।
केचिल्लोभाल्लभन्ते विपदमनुपदं
दूरदेशानटन्तः
किं कुर्मः किं वदामो
भृशमरतिशतैर्व्याकुलं विश्वमेतत् ॥३॥

કેટલાક સ્પર્ધામાં ડૂબે છે. કેટલાક ક્રોધથી બળીઝળીને હૃદયમાં માત્સર્ય રાખે છે. કેટલાક વળી ધન, સ્ત્રી, જમીન વગેરે માટે યુદ્ધો કરે છે. ઝઘડે છે. કેટલાક સંપત્તિ મેળવવા દેશ-પરદેશમાં રખડપટ્ટી કરીને દુઃખી થાય છે. આખું વિશ્વ જાણે ઉદ્વેગ-આપત્તિથી ઘેરાઈ ગયું છે ! શું કરીએ ? શું કહીએ ? ॥૩॥

(उपजाति छन्दः)

स्वयं खनन्तः स्वकरेण गर्ता,
मध्ये स्वयं तत्र तथा पतन्ति ।
यथा ततो निष्क्रमणं तु
दूरेऽधोऽधः प्रपाताद्विरमन्ति नैव ॥४॥

માણસ પોતના હાથે ખોદેલા ખાડામાં પોતે જ એટલો ઊંડો ગબડી પડે છે કે બહાર નીકળવાની વાત તો દૂર રહી ! એ વધુને વધુ ઊંડે ધસતો રહે છે. ॥૪॥

(उपजाति छन्दः)

प्रकल्पयन्नास्तिकतादिवाद-मेवं
प्रमादं परिशीलयन्तः ।
मग्ना निगोदादिषु दोषदग्धाः,
दुरन्तदुःखानि हहा सहन्ते ॥५॥

કેટલાક વળી નાસ્તિકવાદનું પ્રવર્તન કરીને પ્રમાદને પોષે છે. દોષોમાં ડૂબીને નિગોદ વેગેરમાં અપરંપાર દુઃખોને વેઠે છે. ॥૫॥

(उपजाति छन्दः)

श्रृण्वन्ति ये नैव हितोपदेशम्,
न धर्मलेशं मनसा स्पृशन्ति ।
रुज कथङ्करमथापनेयास्तेषा-
मुपायस्त्वयमेक एव ॥६॥

જે પ્રાણીઓ હિતનો ઉપદેશ સાંભળતા નથી અને ધર્મના એક અંશને પણ માનવા તૈયાર નથી. તેમની ઉપાધિઓ દૂર થાય ક્યાંથી ? ॥૬॥

(अनुष्टुप छन्दः)

परदुःखप्रतीकारमेवं, ध्यायन्ति ये हृदि ।
लभन्ते निर्विकारं ते, सुखमायतिसुन्दरम् ॥७॥

બીજાના દુઃખો દૂર કરવાના ઉપાયો જે માણસ ચિંતવે છે. તે સાચું-સારું અને શ્રેષ્ઠ સુખ ભવિષ્યમાં પ્રાપ્ત કરે છે. ॥૭॥

पञ्चदशभावना-गीत

(रागः आहीर भैरव)

सुजना भजत मुदा भगवन्तम्,
सुजना भजत मुदा भगवन्तम् ।
शरणागतजनमिह निष्कारण-
करुणावन्तमवन्तं रे ॥१॥ सुजना ।

સજ્જનો !

હૈયાના હર્ષથી તમે ભગવાનને ભજો ! જે પરમાત્માશરણે આવેલા પ્રાણીઓ માટે કોઈપણ જાતની અપેક્ષા વગર કરૂણાવંત છે. ॥૧॥

क्षणमुपधाय मनः स्थिरतायाम्,
पिबत जिनागमसारम् ।
कापथघटनाविकृतविचारम्,
त्यजत कृतान्तमसारं रे ॥२॥ सुजना ।

મનને થોડું સ્થિર કરીને જિનાગમના સારનું પાન કરો. આડા અવળા રસ્તાઓ તમને ભટકાવી દેશે. આવા વિચારોને નિરર્થક સમજીને છોડી દો. ॥૨॥

परिहरणीयो गुरुरविवेकी,
भ्रमयति यो मतिमन्दम् ।
सुगुरुवचः सकृदपि परिपीतम्,
प्रथयति परमानन्दं रे ॥३॥ सुजना ।

હિત કે અહિતનું જેને ભાન નથી એવા અવિવેકી ગુરુનો સંગ છોડી દેવો જોઈએ, કારણ કે એ ઓછી બુદ્ધિવાળા લોકોને ભરમાવી દે છે. સદ્‌ગુરુનું વચન એકાદવાર પણ સારી રીતે સ્વીકાર્યુ હોય તો આનંદનો ઉદધિ ઉછળે છે. ॥૩॥

कुमततमोभरमीलितनयनम्,
किमु पृच्छत पन्थानम् ।
दधिबुद्धया नर जलमन्थन्याम्,
किमु निदधत मन्थानं रे, ॥४॥ सुजना ।

ખોટા માર્ગ અને વિપરીત માન્યતાના અંધકારથી જેની આંખો બંધ છે. એવાને તું સાચા માર્ગની પૃચ્છા કરે છે ? પાણીને દહી સમજીને, વલોવવાથી શું મળશે ? ॥૪॥

अनिरुद्धं मन एव जनानाम्,
जनयति विविधातङ्कम्।
सपदि सुखानि तदेव विधत्ते,
आत्मारामशङ्कं रे ॥५॥ सुजना ।

મનને જો સાવ નિરંકુશ છોડી દો તો એ જાતજાતના આતંક ફેલાવશે. એ જ મન જો આત્મારામના ઉપવનમાં નિશંક બનીને રમણ કરે તો અનાયાસ સુખોને આપે છે. ॥૫॥

परिहरताश्रवविकथागौरव-
मदनमनादिवयस्यम् ।
क्रियतां सांवरसाप्तपदीनम्,
ध्रुवमिदमेव रहस्यं रे ॥६॥ सुजना ।

જન્મોથી જામી પડેલા આશ્રવો, વિકથાઓ, ગારવો, અને કામેચ્છાના કચરાને તું છોડી દે. સંવર-આત્માંનુશાસનને તું તારો મિત્ર બનાવ. આજ રહસ્યની વાત છે. ॥૬॥

सह्यत इह किं भवकान्तारे,
गदनिकुरम्बमपारम् ।
अनुसरताऽऽहितजगदुपकारम्,
जिनपतिमगदङ्कारं रे ॥७॥ सुजना ।

સંસારરૂપી વનમાં ભટકીને શા માટે બેશુમાર પીડનાને વેઠો છો ? જિનેશ્વર કે જેઓ જગત પર ઉપકાર કરવા તત્પર છે, એનું અનુસરણ કરો ! ॥૭॥

श्रृणुतैकं विनयोदितवचनम्,
नियतायतिहितरछनम् ।
रचयत कृतसुखशतसन्धानम्,
शान्तसुधारसपानं रे ॥८॥ सुजना ।

વિનયથી જે કહેવાય છે તે અવશ્ય હિતકારી છે, એને ધ્યાન દઈને સાંભળો ! અનેક પ્રકારના પુણ્ય અને વિવિધ સુખો સાથે જોડાણ કરનાર શાંતસુધાના અમૃતનું પાન કરો. ॥૮॥

१६–माध्यस्थ्यभावना–श्लोकाः

(शालिनी छन्दः)

श्रान्ता यस्मिन्, विश्रमं संश्रयन्ते,
रुग्णां प्रीतिं यत्समासाद्य सद्यः ।
लभ्यं रागद्वेषविद्वेषिरोधा-
दौदासीन्यं सर्वदा तत्प्रियं नः ॥१॥

જેમાં શ્રાન્ત અને થાકેલા પ્રાણીઓ વિશ્રામ પામે છે, જેના દ્વારા બીમાર અને રૂગ્ણ માણસો પ્રસન્નતા અનુભવે છે. રાગદ્વેષનો રોધ થવાથી સહજ ઉદાસીનતા જેમાં મળે છે એવો મધ્યસ્થ્યભાવ અમને ઇષ્ટ છે. ॥૧॥

(शालिनी छन्दः)

लोके लोका भिन्नभिन्नस्वरूपाः,
भिन्नैर्भिन्नै : कर्मभिर्मर्मभिद्भिः ।
रम्यारम्यैश्चेष्टितैः कस्य कस्य,
तद्विद्वद्भिः स्तूयते रूष्यते वा ॥२॥

આ જગતમાં પ્રાણીઓ મર્મને ભેદનારા જાતજાતના કર્મોના કારણે ભાતભાતના ગમા અણગમા દાખવે છે, એમાં શાણા પુરુષો કોની પ્રશંસા કરે અને કોના પર ગુસ્સો કરે ? ॥૨॥

(शालिनी छन्दः)

मिथ्या शंसन्वीरतीर्थेश्वराणां,
रोद्धुं शेके न स्वशिष्यो जमालिः ।
अन्यः को वा रोत्स्यते केन
पापात्तस्मादौदासीन्यमेवात्मनीनम् ॥३॥

ખુદ પરમાત્મા મહાવીરસ્વામી પણ પોતાના શિષ્ય જમાલિને મિથ્યા પ્રરૂપણા કરતા રોકી ના શક્યા ! તો પછી કોણ કોને પાપથી રોકી શકે ? માટે ઉદાસીન-મધ્યસ્થ બની જવું એ જ હિતાવહ છે. ॥૩॥

(शालिनी छन्दः)

अर्हन्तोऽपि प्राज्यशक्तिस्पृशः किम्,
धर्मोद्योगं कारयेयुः प्रसह्य ।
दद्युः शुद्धं किन्तु धर्मोपदेशम्,
यत्कुर्वाणा दुस्तरं निस्तरन्ति ॥४॥

તીર્થંકર ભગવંતો અપ્રતિમ બળ ધરાવતા હોય છે. છતાંય એઓ બળજબરીથી ધર્મપ્રવૃત્તિ કરાવતા નથી પણ યથાર્થ ધર્મનો ઉપદેશ જરૂર આપે છે. જો પ્રાણી એ ધર્મને સ્વીકારે તો ભવસાગરને સામે પાર પહોંચી શકે ! ॥૪॥

(शालिनी छन्दः)

तस्मादौदासीन्यपीयूषसारम्,
वारं वारं हन्त सन्तो लिहन्तु ।
आनन्दानामुत्तरङ्गत्तरङ्गैर्जीवद्भिर्यद्भूज्यते
मुक्तिसौख्यम् ॥५॥

માટે હે સન્તપુરુષો. તમે ઉદાસીનતારૂપી અમૃતરસનું વારંવાર આસ્વાદન કરો. ઉછળતા અને ઉભરતા એ આનંદના મોજાઓના સહારે પ્રાણી મુક્તિ સુખને પામે છે. ॥૫॥

षोडशभावना-गीत

(राग : यनम)

अनुभव विनय सदा सुखमनुभव,
औदासीन्यमुदारं रे ।
कुशलसमागममागमसारम्,
कामितफलमन्दारं रे ॥१॥ अनुभव ।

હે વિનય

તું ઉદાર અને શ્રેષ્ઠ એવા ઉદાસીનતાના સુખનો સતત અનુભવ કર. ઉદાસીનભાવ પરમ કલ્યાણ સાથે સંગિત કરાવનાર છે. બધા શાસ્ત્રોના સારભૂત અને ઇષ્ટ ફળને આપનાર એવા ઉદાસીનભાવનો અનુભવ કર. ॥૧॥

परिहर परचिन्तापरिवारम्
चिन्तय निजमविकारं रे ।
तव किं कोऽपि चिनोति करीरम्,
चिनुतेऽन्यः सहकारं रे ॥२॥ अनुभव ।

પરચિંતાની આળપંપાળ છોડીને તું તારું અવિકારી આત્મસ્વરૂપનું ચિંતન કર. કોઈ કાંટાવાળા કેરડાંને એકઠા કરે કે કોઈ વળી આંબા ભેગા કરે, તારે શું લેવાદેવા છે એની સાથે ? ॥૨॥

योऽपि न सहते हितमुपदेशम्,
तदुपरि मा कुरू कोपं रे ।
निष्फलया किं परजनतप्त्या
कुरुषे निजसुखलोपं रे ॥३॥ अनुभव ।

કોઈ જો તારી કહેલી હિતની વાત પર ધ્યાન નથી આપતો, તો એના પર ગુસ્સો ના કરીશ ! પારકાની અર્થહીન પલોજણ કરીને તું શા માટે તારા આત્મસુખને ગુમાવે છે ? ॥૩॥

सुत्रमपास्य जडा भाषन्ते,
केचन मतमुत्सूत्रं रे ।
किं कुर्मस्ते परिहृतपयसो,
यदि पीवन्ते मूत्रं रे ॥४॥ अनुभव ।

કેટલાક જડબુદ્ધિના લોકો શાસ્ત્રોની વાતોને બાજુએ મૂકીને ખોટી વાતો કરે છે. શાસ્ત્રવિરુદ્ધ દલીલો કરે છે. કોઈ જો સરસ દૂધ છોડીને મૂત્ર પીવા તત્પર હોય તો આપણે શું કરવાના હતા ? ॥૪॥

पश्यसि किं न मनः परिणामम्,
निजनिजगत्यनुसारं रे ।
येन जनेन यथा भवितव्यम्,
तद्भवता दुर्वारं रे ॥५॥ अनुभव ।

'જે માણસની જેવી ગતિ હોય એવી એની મતિ થાય છે.' આ વાત તું કેમ સમજી શકતો નથી ! જે માણસનું જેવું ભાવિ છે, એ બદલવું ખૂબ મુશ્કેલ છે ! અશક્ય છે!॥૬॥

रमय हृदा हृदयङ्गमसमताम्,
संवृणु मायाजालं रे ।
वृथा वहसि पुद्गलपरवशता-
मायुः परिमितकालं रे ॥६॥ अनुभव ।

ચિત્તને આહ્‌લાદ આપનારી સમતાને હૃદયમાં રમતી કરીને માયાજાળને સંકેલી લે ! તારું આયુષ્ય બહુ ઓછું છે. તું નાહક પરપુદ્‌ગલની ગુલામીમાં ગરીબ બને છે. ॥૬॥

अनुपमतीर्थमिदं स्मर चेतन-
मन्तः स्थितमभिरामं रे ।
विरतिभावविशदपरिणामम्,
लभसे सुखमविरामं रे ॥७॥ अनुभव ।

અનુપમ તીર્થ જેવા અતિ સ્મરણીય, શુદ્ધ ચેતનામય તારા ભીતરમાં જે બિરાજે છે, એને વારે વારે સ્મરણપથમાં લાવ. જેથી તને દીર્ઘ સમય સુધી સુખ મળી શકે ! ॥૭॥

परब्रह्मपरिणामनिदानम्,
स्फुटकेवलविज्ञानं रे ।
विरचय विनयविवेचितगानम्,
शान्तसुधारसपानं रे ॥८॥ अनुभव ।

પરબ્રહ્મના પરમ સાધનરૂપ ઉદાસીન ભાવ કેવળજ્ઞાનનો ઉઘાડ કરે છે. એ મેળવવા વિનયવિજયજી દ્વારા રચિત આ શાન્ત-સુધારસનું તું અમૃત પાન કર ! ॥૮॥

उपसंहार प्रशस्ति-श्लोको

(स्त्रग्धरा छन्दः)

एवं सद्‌भावनाभिः
सुरभितहृदयाः संशयातीतगीतो-
न्नीतस्फीतात्मतत्त्वास्त्वरितम-
पसरन्मोहनिद्राममत्वाः
गत्वा सत्त्वाममत्वातिशयमनुपमां
चक्रिशक्राधिकानां
सौख्यनां मङ्‌क्षुलक्ष्मीम्,
परिचितविनयाः स्फारकीर्तिं श्रयन्ते ॥१॥

આ રીતે સદ્‌ભાવનાઓથી સુવાસિત હૃદયવાલો આત્મા સંશયાતીત બનીને આત્મતત્ત્વના ચિંતનથી મોહ-નિદ્રા-મમત્વ વગેરેને તત્કાળ દૂર કરે છે. સત્વવંત બનીને નિર્મમત્વભાવને ધારણ કરે છે. અનુપમ અને સો સો ચક્રવર્તીઓના સુખ કરતા પણ એના ભાવનાભાવિત મનનું સુખ વધુ હોય છે. એ સુખને ચારે બાજુ પ્રસારીને એ પોતાનો યશ ફેલાવે છે. અને અંતે મોક્ષશ્રીને પ્રાપ્ત કરે છે. ॥૧॥

(स्रग्धरा छन्दः)

दुर्ध्यानप्रेतपीडा प्रभवति न
मनाक्काचिदद्वन्द्वसौख्य-
स्फातिः प्रीणाति चित्तं
प्रसरति परितः सौख्यसौहित्यसिन्धुः ।
क्षीयन्ते रागरोषप्रभृतिरिपुभटाः,
सिद्धिसाम्राज्यलक्ष्मीः
स्याद्वश्या यन्महिम्ना
विनयशुचिधियो भावनास्ता श्रयध्वम् ॥२॥

જે ભાવનાના પ્રભાવથી દુર્ધ્યાનરૂપ પીડા લગીરે પરેશાન કરતી નથી. જેના પ્રભાવથી અનિર્વચનીય સુખની વૃદ્ધિંગત છોળો ચિત્તને પ્રસન્નતા આપે છે. તૃપ્તિનો દરિયો ચારેકોર લહેરાય છે. જેના પ્રતાપે રાગ, દ્વેષ વગેરે દુશ્મનો નષ્ટ થઈ જાય છે અને આત્મઋદ્ધિ સહજ રીતે પ્રાપ્ત થાય છે. એ વિનયથી નિર્મળ બુદ્ધિયુક્ત બનીને તમે એ ભાવનાઓનું ધ્યાન કરો ! ॥૨॥

(पथ्या छन्दः)

श्रीहीरविजयसूरीश्वरशिष्यौ
सोदरावभूतां द्वौ ।
श्रीसोमविजयवाचक
वाचकवरकीर्तिविजयाख्यौ ॥३॥

શ્રી હીરવિજયસૂરીશ્વરજીના બે શિષ્યો કે જે સગા ભાઈ હતા એ શ્રી સોમવિજયજી વાચક અને વાચકવાર કીર્તિવિજયજી ! ॥૩॥

(गीति छन्दः)

तत्र च कीर्तिविजयवाचक-
शिष्योपाध्यायविनयविजयेन ।
शान्तसुधारसनामा संदृष्टो
भावनाप्रबन्धोऽयम् ॥४॥

એમાં શ્રી કીર્તિવિજય વાચકના શિષ્ય ઉપાધ્યાય વિનયવિજયજીએ 'શાંત સુધારસ' નામનો આ ભાવના પ્રબંધ ગ્રંથ રચ્યો છે. ॥૪॥

(गीति छन्दः)

शिखिनयनसिन्धुशशिमितवर्षे
हर्षेण गन्धपुरनगरे ।
श्रीविजयप्रभसूरिप्रसादतो यत्न
एष सफलोऽभूत् ॥५॥

વિક્રમ સંવત ૧૭૨૩માં ગંધપુર (ગંધાર) નગરમાં હર્ષ ભરપૂર હૃદયથી કરેલો આ પ્રયત્ન તત્કાલીન જૈનાચાર્ય શ્રી વિજયપ્રભસૂરીશ્વરના પ્રસાદથી સફળ થયો. ॥૫॥

(उपजाति छन्दः)

यथा विधु षोडशभिः कलाभिः
सम्पूर्णतामेत्य जगत्पुनीते ।
ग्रन्थस्तथा षोडशभिः
प्रकाशैरयं समग्रैः शिवमातनोतु ॥६॥

જેમ ચંદ્રમા સોળે કળાએ ખીલીને સૃષ્ટિને આનંદ આપે છે એમ સોળ વિભાગોમાં વહેંચાયેલો આ ગ્રંથ પણ બધાનું કલ્યાણ કરનારો બનો. ॥૬॥

(इन्द्रवज्रा छन्दः)

याबज्जगत्येष सहस्रभानुः
पीयूषभानुश्च सदोदयेते ।
तावत्सतामेतदपि प्रमोदम्,
ज्योतिः स्फुरद्वङ्मयमातनोतु ॥७॥

જ્યાં સુધી આ વિશ્વમાં સૂર્ય અને ચંદ્ર ઊગે છે.. ત્યાં સુધી સજ્જનોને આ 'શાંત સુધારસ' ગ્રંથ મનપ્રસન્નતા આપતો રહેશે અને ચિત્ત સ્થૈર્યની કેડી દેખાડતો રહેશે.

અમૃતવેલની સજ્ઝાય

ચેતન ! જ્ઞાન અજુવાળીયે, ટાળીયે મોહ સંતાપ રે ;
ચિત્ત ડમડોલતું વાળીએ, પાળીએ સહજ ગુણ આપરે. ૧

ઉપશમ અમૃતરસ પીજીએ, કીજીએ સાધુ ગુણ ગાન રે;
અધમ વયણે નવિ ખીજીએ, દીજીએ સજ્જનને માન રે. ૨

ક્રોધ અનુબંધ નવિ રાખીએ, ભાખીએ વયણ મુખ સાચ રે;
સમકિત રત્નરુચિ જોડીએ, છોડીએ કુમતિ મતિ કાચ રે. ૩

શુદ્ધ પરિણામને કારણે, ચારનાં શરણ ધરે ચિત્ત રે;
પ્રથમ તિહાં શરણ અરિહંતનું, જેહ જગદીશ જગ મિત્ત રે.૪

જે સમોસરણમાં રાજતાં, ભાંજતા ભવિક સંદેહ રે;
ધર્મના વચન વરસે સદા, પુષ્કરાવર્ત જિમ મેહ રે. ૫

શરણ બીજું ભજે સિદ્ધનું, જે કરે કર્મ ચકચૂર રે;
ભોગવે રાજ શિવ નગરનું, જ્ઞાન આનંદ ભરપૂર રે. ૬

સાધુનું શરણ ત્રીજું ધરે, જેહ સાધે શિવ પંથ રે;
મૂળ ઉત્તર ગુણે જે વર્યા, ભવ તર્યા ભાવ નિર્ગ્રંથ રે. ૭

શરણ ચોથું ધરે ધર્મનું, જેહમાં વર દયાભાવ રે;
જેહ સુખ હેતુ જિનવરે કહ્યો, પાપ જલ તરવા નાવ રે. ૮

ચારનાં શરણ એ પડિવજે, વળી ભજે ભાવના શુદ્ધ રે;
દુરિત સવિ આપણા નિંદિએ, જીમ હોયે સંવર વૃદ્ધિ રે. ૯

ઇહભવ પરભવ આચર્યાં, પાપ અધિકરણ મિથ્યાત્વ રે;
જે જિનાશાતનાદિક ઘણાં, નિંદિએ તેહ ગુણઘાત રે. ૧૦

ગુરુતણાં વચન જે અવગણી, ગુંથિયા આપ મત જાલ રે;
બહુપરે લોકને ભોળવ્યાં, નિંદિએ તેહ જંજાલ રે. ૧૧

જેહ હિંસા કરી આકરી, જેહ બોલ્યા મૃષાવાદ રે;
જેહ પરધન હરી હરખીયાં, કીધલો કામ ઉન્માદ રે. ૧૨

જેહ ધન ધાન્ય મૂર્છા ધરી, સેવીયા ચાર કષાય રે;
રાગ ને દ્વેષને વશ હુઆ, જે કીયો કલહ ઉપાય રે. ૧૩

જૂઠ જે આળ પરને દિયા, જે કર્યા પિશુનતા પાપ રે;
રતિ અરતિ નિંદા માયા મૃષા, વળીય મિથ્યાત્વ સંતાપ રે.૧૪

પાપ જે એહવા સેવિયાં, નિંદિએ તેહ ત્રિહુ કાલ રે;
સુકૃત અનુમોદના કીજીએ, જિમ હોય કર્મ વિસરાલ રે. ૧૫

વિશ્વ ઉપકાર જે જિન કરે, સાર જિન નામ સંયોગ રે;
તેહ ગુણ તાસ અનુમોદિએ, પુણ્ય અનુબંધ શુભયોગ રે.૧૬

સિદ્ધની સિદ્ધતા કર્મના, ક્ષય થકી ઉપની જેહ રે;
જેહ આચાર આચાર્યનો, ચરણ વન સિંચવા મેહ રે. ૧૭

જેહ ઉવજ્ઝાયનો ગુણ ભલો, સૂત્ર સજ્ઝાય પરિણામ રે;
સાધુની જેહ વળી સાધુતા, મૂળ ઉત્તર ગુણ ધામ રે. ૧૮

જેહ વિરતિ દેશશ્રાવક તણી, જેહ સમકિત સદાચાર રે;
સમકિત દૃષ્ટિ સુરનર તણો, તેહ અનુમોદિયે સાર રે. ૧૯

અન્યમાં પણ દયાદિક ગુણો, જેહ જિનવચન અનુસાર રે;
સર્વ તે ચિત્ત અનુમોદિયે, સમકિત બીજ નિરધાર રે. ૨૦

પાપ નવિ તીવ્ર ભાવે કરે, જેહને નવિ ભવરાગ રે;
ઉચિત સ્થિતિ જેહ સેવે સદા, તેહ અનુમોદવા લાગ રે. ૨૧

થોડલો પણ ગુણ પરતણો, સાંભળી હર્ષ મન આણ રે;
દોષ લવ પણું નિજ દેખતાં, નિર્ગુણ નિજાતમાં જાણ રે. ૨૨

ઉચિત વ્યવહાર અવલંબને, એમ કરી સ્થિર પરિણામ રે;
ભાવિયે શુદ્ધનય ભાવના, પાપનાશય તણું ઠામ રે. ૨૩

દેહ મન વચન પુદ્ગલ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપ રે;
અક્ષય અકલંક છે જીવનું, જ્ઞાન આનંદ સ્વરૂપ રે. ૨૪

કર્મથી કલ્પના ઊપજે, પવનથી જેમ જલધિ વેલ રે;
રૂપ પ્રગટે સહજ આપણું, દેખતાં દૃષ્ટિ સ્થિર મેલ રે. ૨૫

ધારતાં ધર્મની ધારણા, મારતાં મોહવડ ચોર રે;
જ્ઞાનરુચિ વેલ વિસ્તારતાં, વારતાં કર્મનું જોર રે. ૨૬

રાગ વિષ દોષ ઊતારતાં, ઝારતાં દ્વેષ રસ શેષ રે;
પૂર્વ મુનિ વચન સંભારતાં, વારતાં કર્મ નિઃશેષ રે. ૨૭

દેખીએ માર્ગ શિવ નગરનો, જે ઉદાસીન પરિણામ રે;
તેહ અણછોડતાં ચાલીએ, પામીયે જિમ પરમધામ રે. ૨૮

શ્રી નયવિજય ગુરુ શિષ્યની, શીખડી અમૃત વેલ રે;
એહ જે ચતુર નર આદરે, તે લહે સુયશ રંગરેલ રે. ૨૯

ગુરૂ-ગુણ-ગીત

(રાગ-જહાં ડાલ ડાલ પર)

ગામ ગામમાં જેના નામે વાગે વિજય નગારા
આ છે. ગુરુદેવ અમારા.
પલ પલ જેના દિલમાં વહેતી, ભક્તિ રસની ધારા
કલાપૂર્ણ સૂરીશ્વર પ્યારા ॥૧॥
બીજ રોપાયું રાજસ્થાને ફૂલ વિકસ્યું કચ્છમાં
સુગંધ પ્રસરી સારા વિશ્વે, રવિસા શોભે ગચ્છમાં–૨
પાબુદાન કુલ પંકજ દિનકર,
ખમા દેવી દુલારા ॥કલાપૂર્ણ ॥૨॥
મારવાડ મેવાડ માલવા, સોરઠ ને ગુજરાતે
વિચરી ભવ્યો તાર્યા અગણિત,
દઈ ઉપદેશ દિન રાતે–૨
શાસન સેવા સારું સારી ધરતી
પર ફરનારા ॥કલાપૂર્ણ ॥૩॥

ઘોર અંધારું ભૌતિકતાનું, વ્યાપ્યું છે. કલિકાલે,
પ્રકાશ તેમાં કરતાં, સમ્યગ્દર્શન કેરી મશાલે–૨
દશે દિશાએ ઉમંગે જેના,
લોક લગાવે નારા ।।કલાપૂર્ણ ।।૪।।

શાલ ભાલ સુનિર્મલ લોચન, સુપ્રસન્ન મુખ મુદ્રા
નહિ મ્લાનિ નહિ ગ્લાનિ ક્યારે,
નહિ આળસ નહિં તન્દ્રા–૨
પ્રતિપલ પરમાતમ ભજનારા,
દુનિયાથી જે ન્યારા ।।કલાપૂર્ણ ।।૫।।

અધ્યાત્મયોગી પ્રશાન્તમૂર્તિ, અદ્‌ભુત ક્રિયા સ્ફૂર્તિ
આત્માનુભૂતિ વિરલ વિભૂતિ, વિશ્વ વિસ્તૃત કીર્તિ–૨
કહેતાં પાર ન આવે જેના,
ગુણ છે. અપરંપારા ।।કલાપૂર્ણ ।।૬।।

બાલક બોલે બલ સંયમનું, આપો ભવ દુઃખ કાપો
કલા મુનિ જીવનની શીખવી, મુક્તિ મહેલે સ્થાપો
હૃદયધારાઓ ગુરૂ પ્યારા,
કરુણાના છો ક્યારા ।।કલાપૂર્ણ ।।૭।।

પર્વ પર્યુષણને આમંત્રણ

પર્વ પર્યુષણ પ્રેમે પધારો
પ્રેમે પધારો સ્નેહે સ્વીકારીએ
સ્નેહે સ્વીકારીએ હર્ષથી વધાવીએ ।।પર્વ ।।૧।।

પર્વ પર્યુષણ હૃદયમાં ધરીએ
હૃદયમાં ધરીએ દિલમાં વસાવીએ
દિલમાં વસાવીએ હૃદયમાં ધરીએ ।।પર્વ ।।૨।।

મનડાના મેલને દૂર જ કરીએ
વાણીના મંત્રોને દિલમાં વસાવીએ
કાયાની મમતાને દૂર જ કરીએ ।।પર્વ ।।૩।।

તપસ્યા કરીને કર્મ ખપાવીએ
કર્મ ખપાવીએ મોક્ષ સુખ વરીએ
મોક્ષ સુખ વરીએ શિવસુખ પામીએ ।।પર્વ ।।૪।।

વેરને ભૂલીએ ને મૈત્રી મેળવીએ
ભક્તિ કરીએ ને ભાવ ભેળવીએ
જાપ જપીએ ને કર્મો ખપાવીએ ।।પર્વ ।।૫।।

મહાવીર જન્મનુ સ્વાગત કરીએ
મહાવીર જંન્મને પ્રેમે વધાવીએ
પ્રેમે વધાવીએ હર્ષે સ્વીકારીએ

હર્ષે સ્વીકારીએ આનંદ પામીએ
મહાવીર પ્રભુની જય જય બોલો
ત્રિશલાનંદ ગુણ ગંભીર બોલો
વીર પ્રભુની જય જય બોલો

પવિત્ર પદો

ભારતની આભવ્ય ભૂમિ પર દિવ્ય વિભૂતિ નામ ધરા
અપૂર્વ સાધના ત્યાગ તપસ્યા, અધ્યાત્મયોગિ કલ્યાણ કરા
સિદ્ધિ પથના સાધક ગુરૂવર મિથ્યાત્વને નિત્યહરા
કલાપૂર્ણ સૂરિ ગુરૂવર ચરણે શ્રી સંઘ વંદન ભાવભરા ॥૧॥

જિન શાસનના સામ્રાજ્યમાં, ચમકા એક સિતારા
કલાપૂર્ણ સૂંરી ગુરુરાજને વંદન કોટિ હમારા ॥૨॥

સમદર્શી શીતલ સદા, જિસકી અદ્‌ભુત ચાલ
ઐસે સદ્‌ગુરુ કીજીએ, જો પલ મેં કરે નિહાલ ॥૩॥

જિનશાસન કે ઓ જ્યોતિર્ધર, શાસન કે શણગાર
અધ્યાત્મયોગી આપ ગુરુવર, વંદન વાર હજાર
સર્વ કલા સે પૂર્ણ ગુરુવર, ક્યા ગાએ ગુણગાન
સર્વજીવો કે હો હિતચિંતક, જિનશાસન કી શાન ॥૪॥

પાવનકારી નામ છે જેનું કલાપૂર્ણ સૂરિરાજ.
અગણિત છે. ગુણવાન ગુરુવર, જિનશાસન શિરતાજ ॥૫॥

સરલ હૃદયને સાદુ જીવન, કરૂણાની છે મૂર્તિ
સમતા રસના સાગર એ છે. સંયમમાં છે સ્ફૂર્તિ ॥૬॥

સૌમ્ય વદનને પ્રસન્ન મુદ્રા વહાલ ભરી છે વાણી
જેનું દર્શન શ્રવણ કરીને, ધન્ય બને ભવિ પ્રાણી ॥૭॥

લગની એક જ છે જીવનમાં, પરમાતમ મિલનની
જીવ બધા છે પ્યારા જેને, તેના હિત કરણની ॥૮॥

નિશ્ચય દૃષ્ટિ ચિત્ત ધરીજી, જે પાલે વ્યવહાર.
પુન્યવંત તે પામશેજી, ભવ સમુદ્રનો પાર ॥૯॥

કષ્ટ ધરો સંજમ ધરો, ગાળો નિજ દેહ
જ્ઞાન દશા વિણ જીવને નહિ દુઃખનો છેહ... ॥૧૦॥

જેના નામ પ્રભાવથી જગતમાં દારિદ્ર સહેજે ટળે
જેનું નામ ધરે હૃદયમાં, વાંછિત સર્વે ફળે
ધરણેન્દ્ર પદ્માવતી નિજ પ્રતે, જેની કરે સેવના
શ્રીમત પાર્શ્વ જિનેદ્રના ચરણમાં, હોજો સદા વંદના ॥૧૧॥

જેટલા તારા ગગનમાં, એટલા શત્રુ હોય
કૃપા હોય પ્રભુ વીર કી, બાલ ન વાંકો હોય...॥૧૨॥

નવકાર મંત્ર તું મારો ભાઈ, તારે ને મારે સાચી સગાઈ
અંત સમયે તું આવી જા, મોક્ષનો માર્ગ બતાવી જા...॥૧૩॥

વહેતાં પાણી નિર્મલાં, બંધા ગંદા હોય
સાધુ તો ચલતા ભલા, દાગ ન લાગે કોય.. ॥૧૪॥

ભલાઈ કર ભલા હોગા, બુરાઈ કર બુરા હોગા
કોઈ દેખે નહિં દેખે, મગર ભગવાન તો દેખતા હોગા॥૧૫॥

દુઃખમાં સ્મરણ સહુ કોઈ કરે, સુખમાં ન કરે કોઈ
જો સુખમાં સ્મરણ કરે તો, દુઃખ કાય કા હોય...॥૧૬॥

સમદર્શી શીતલ સદા, જિસકી અદ્‌ભુત ચાલ.
ઐસે સદ્‌ગુરુ કીજીએ, જો પલ મેં કરે નિહાલ... ॥૧૭॥

સાધુ સદા સુખીયા, દુઃખીયા નહિં લવલેશ.
અષ્ટ કર્મ નિવારવા, પહેર્યા છે. સાધુનો વેશ...॥૧૮॥

ભિખારી નહિં ભીખ માંગે, શીખ આપે ઘરે ઘરે
નહિં દેવાના ફળ એવા, માટે આપો અરે અરે...॥૧૯॥

શત્રુંજયની પાંચ સ્તુતિ

વિદ્યાધરોને ઈન્દ્રદેવો, જેહને નિત પૂજતા,
દાદા સીમંધર દેશનામાં, જેહના ગુણ ગાવતા,
જીવો અનંતા જેહના, સાન્નિધ્યથી મોક્ષે જતા,
તે વિમલ ગિરિવર વંદતા, મુજ પાપ સહુ દૂરે થતાં. ।।૧।

ષટ્ખંડના વિજયી બનીને ચક્રીપદને પામતા,
ષોડશ કષાયો પરિહરીને સોલમા જિન રાજતા,
ચૌમાસ રહી ગિરિરાજ પર જે ભવ્યને ઉપદેશતા,
તે શાંતિ જિનને વંદતા મુજ પાપ સહુ દૂરે થતાં. ।।૨

જે આદિ જિનની આણ પામી સિદ્ધગીરી એ આવતા,
અણસણ કરી એક માસનું મુનિ પંચક્રોડશું સિદ્ધતા,
જે નામથી પુંડરિકગિરિ એમ તિહું જગત બિરદાવતા,
પુંડરિક સ્વામી વંદતા મુજ પાપ સહુ દૂરે થતાં. ।।૩

જેનું ઝરતું ક્ષીર પુણ્યે મસ્તકે જેને પડે,
તે ત્રણ ભવમાં કર્મ તોડી સિદ્ધિ શિખરે જઈ ચડે,
જ્યાં આદિજિન નવ્વાણું પૂર્વ આવી વાણી સુણાવતા,
રાયણ પગલા વંદતા મુજ પાપ સહુ દૂરે થતાં. ।।૪

જે રાજરાજેશ્વર તણી અદ્ભુત છટાએ રાજતા,
શાશ્વત ગિરિના ઉચ્ચ શિખરે નાથ જગના શોભતા,
જેઓ પ્રચંડ પ્રતાપથી જગમોહને નિવારતા,
તે આદિ જિનને વંદતા મુજ પાપ સહુ દૂરે થતાં. ।।૫

पूज्य गुरूदेव का संदेश

क्षमा ही जिनधर्म का सार है, उस के ही प्रभाव से दिल में जलती हुई क्रोध की अग्निज्वाला शान्त होती है। पवित्र प्रेम-पैदा होता है मैत्री की सुवास उत्पन्न होती है। मैत्री के द्वारा हम वैर विरोध को शान्त करके सभी जीवो के मित्र बनते है! सभी लोक हमको चाहते है। सब का हित चाहना और हित-परोपकार करना यही मनुष्य जीवन का सार है
क्षमा- मैत्री और परोपकार से प्रभु कृपा को प्राप्त कर जीवन सफल बनाओ यही शुभ कामना

वि. कलापूर्ण सूरि का धर्मलाभ